RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 38* Date: 04.12.2021 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ભારે વરસાદની શક્યતાને પગલે એનડીઆરએફની ૨૯ ટીમ તહેનાત કરાઈ

## જવાદ ચક્રવાત આજે સવારે આંધ્રપ્રદેશ અને ઓડિશામાં ટકરાશે

નવીદિલ્હી,તા.૩

બંગાળની ખાડીમાં હળવા દબાણનું ક્ષેત્ર તેજ થઈને ચક્રવાતી વાવાઝોડું 'જવાદ'માં પરિવર્તિત થઈ શકે છે. એ શનિવારે સવારે ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે ટકરાશે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે વિશાખાપટ્ટનમથી લગભગ ૭૭૦ કિમી દક્ષિણ-દક્ષિણ-પૂર્વમાં મોડી રાત્રે બંગાળની ખાડી પરનું દબાણ ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધવાની સંભાવના છે.

સવારે પશ્ચિમ-મધ્યને અડીને આવેલા દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીમાં આ દબાણ ભારે ડિપ્રેશનમાં પરિણમ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૧૨ કલાકમાં એ ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ જશે અને તે શનિવારે સવારે ઉત્તર આંધ્રપ્રદેશ-ઓડિશાના દરિયાકાંઠે ટકરાશે. જણાવીએ કે આ વખતે ચક્રવાત જવાદનું નામ સાઉદી અરબે આપ્યું છે. જવાદનો અરબીમાં અર્થ ઉદાર કે દયાળુ થાય છે.

ઓડિશા, આંધ્રપ્રદેશ અને ગંગાના પશ્ચિમ બંગાળના ઘણા ભાગોમાં ૧૦૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે અને ભારેથી અતિભારે વરસાદ પડશે એવી હવામાન વિભાગે આગાહી કરી છે, જેને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પૂર આવે છે અને ખાસ કરીને ખેતીના પાકને નુકસાન અંગે ચેતવણી જારી કરવામાં આવી છે.

વાવાઝોડા જવાદને પગલે વડાપ્રધાન મોદીએ પણ એક ઉચ્ચ સ્તરીય બેઠક કરી હતી. બેઠકમાં વડાપ્રધાન મોદીએ રાજ્યો, કેન્દ્રીય મંત્રાલયો અને સંબંધિત એજન્સીઓની તૈયારી બાબતની સમીક્ષા કરી હતી.

ઓડિશા સરકારે ચક્રવાત જવાદથી થતી પ્રતિકૂળ અસરોને રોકવા માટે માર્ગદર્શિકા જારી કરી છે. વિશેષ રાહત કમિશનર પ્રદીપ કુમાર જેનાએ કહ્યું હતું કે સરકાર દ્વારા દરિયાકાંઠાના જિલ્લાઓમાં રાષ્ટ્રીય ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ રાજ્ય ફાયર સર્વિસ અને ઓડિશા ડિઝાસ્ટર રેપિડ રિસ્પોન્સ ફોર્સ સહિત ૨૬૬ ટીમને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે, જેમાંથીએનડીઆરએફની ૨૯ ટીમને તહેનાત કરી દેવામાં આવી છે અને ૩૩ ટીમને સ્ટેન્ડબાય રખાઈ છે. જેનાએ કહ્યું, ×રાજ્ય સરકાર વાવાઝોડા સામે દરેક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે, દરિયાકાંઠાના ૧૪ જિલ્લાને અલર્ટ જાહેર કરવામાં આવ્યા છે અને આવનારા ચક્રવાતી



વાવાઝોડાને ધ્યાનમાં રાખીને તમામ જરૂરી પગલાં લેવા માટે કહેવામાં આવ્યું છે.

વાવાઝોડું જવાદને કારણે માછીમારોને દરિયો ન ખેડવા જવાની સૂચના આપવામાં આવી છે. ૩ ડિસેમ્બરથી ૫ ડિસેમ્બર દરમિયાન ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારોને દરિયો ખેડવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.વાવાઝોડાને કારણે રેલવે વિભાગ દ્વારા ત્રણ અને ચાર ડિસેમ્બરના રોજ ઊપડનારી ૯૫ મેલ અને એક્સપ્રેસ ટ્રેનોને ૨૬ કરવામાં આવી છે. રેલવે વિભાગે ટ્વીટ કરીને આ બાબતની જાણકારી આપી હતી.

## છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં સામે આવ્યા ૯૨૧૬ કોરોનાના નવા કેસ

નવીદિલ્હી,તા.૩

કોરોનાના નવા વેરિઅંટ ઓમિક્રૉનને લઈને દેશમાં ડરનો માહોલ પેદા થઈ ગયુ છે. વળી, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૨૧૬ નવા કોવિડના કેસ સામે આવ્યા છે અને હાલમાં દેશમાં સક્રિય કેસોનો આંકડો ૯૯,૯૭૬ સુધી પહોંચી ગયો છે જયારે ૮૬૧૨ લોકો કોરોનાથી રિકવર થયા છે. શુક્રવારે આરોગ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલ આંકડાઓ મુજબ હાલમાં દેશમાં રિકવરી રેટ ૯૮.૩૫ ટકા છે અને દૈનિક પૉઝિટિવિટી રેટ ૦.૮૦ ટકા છે જયારે સાપ્તાહિક પૉઝિટિવિટી રેટ ૦.૮૪ ટકા છે અને અત્યાર સુધી કુલ ૧૨૫.૭૫ કરોડ વેક્સીનેશન થઈ ચૂક્યુ છે.

જયાં એક તરફ કોરોના કેસોમાં કમી જોવા મળી રહી છે ત્યાં બીજી તરફ કોરોનાના નવા વેરિઅંટ ઓમિક્રૉનના બે કેસ કર્ણાટકમાં જોવા મળ્યા છે. જેમાંથી એક ભારતીય નાગરિક છે અને બીજો વ્યક્તિ દક્ષિણ આફ્રિકાનો છે. આ વિશે ફૉર્ટિસ એસ્કૉટર્સ હાર્ટ ઈન્સ્ટીટ્યુટના કાર્યકારી નિર્દેશક ડૉ. અશોક સેઠે કહ્યુ કે ઓમિક્રૉનમાં બહુ વધુ મ્યુટેશન છે. હજુ જાણવા મળ્યુ નથી કે તે કોવિડના બંને ડોઝ લાગેલા લોકોને પ્રભાવિત કરે છે કે નહિ. માટે બધાએ સાવચેત રહેવાની જરૂર છે. જો રાજયોની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં પશ્ચિમ બંગાળમાં કોરોના વાયરસના ૬૫૭ નવા કેસ સામે આવ્યા, ૬૬૭ ડિસ્ચાર્જ થયા અને ૧૨ લકોના કોરોનાથી મોત થયા. જયારે આસામમાં કોરોનાના ૧૨૪ નવા કેસ સામે આવ્યા છે અને કોરોનાથી ૩ લોકોના મોત થયા છે જયારે તમિલનાડુમાં આજે કોરોના વાયરસના ૭૧૫ નવા કેસ સામે આવ્યા અને ૧૨ લોકોના કોરોનાથી મોત થયા.

દેશમાં કોરોનાના કેસોમાં ઘટાડો થયો એ રાહતની વાત છે પરંતુ હજુ પણ કોવિડ દેશમાંથી ખતમ નથી થયો માટે બધાએ કોરોના પ્રોટોકૉલનુ પાલન કરવુ ખૂબ જરૂરી છે કારણકે નાનકડી બેદરકારી મુસીબત બની શકે છે.

## અંતે ખેડૂત આંદોલન આવતીકાલે ખતમ થવાની જાહેરાતની સંભાવના

સોનીપત,તા.૩

દિલ્હીની સરહદે એક વર્ષ કરતાં વધુ સમયથી વિવાદાસ્પદ કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલુ ખેડૂત આંદોલન ૪થી ડિસેમ્બરને શનિવારે ખતમ થાય તેવી સંભાવના છે. કોઈ અણધારી ઘટના ન બને તો સંયુક્ત કિસાન મોરચો શનિવારે કુંડલી બોર્ડર ખાતે થનારી બેઠકમાં ખેડૂત આંદોલન બંધ થયાની જાહેરાત કરી શકે છે. જોકે, તેમની માગણી પૂરી નહીં થાય તો તેઓ આગામી રણનીતિ પર નિર્ણય લેશે.

સંયુક્ત કિસાન મોરચાના નેતા અભિમન્યુ કોહાડે જણાવ્યું હતું કે, ૪થી ડિસેમ્બર સુધીમાં સરકાર મોરચાની બધી જ માગણીઓ પૂરી કરશે તો તેમને ઠંડીમાં રસ્તા પર બેસીને આંદોલન કરવાનો કોઈ શોખ નથી. ૪થી ડિસેમ્બરની બેઠકમાં આંદોલન ખતમ થવાની જાહેરાત થઈ શકે છે, પરંતુ ખેડૂતોની માગણીઓ પૂરી નહીં થાય તો આગામી રણનીતિ પર નિર્ણય લેવાશે.

સંયુક્ત કિસાન મોરચાના નેતા અભિમન્યુ કોહાડે કહ્યું કે મોરચાએ ૨૧મી નવેમ્બરે છ માગો અંગે વડાપ્રધાનને પત્ર લખ્યો હતો. સરકારે સંસદમાં એમએસપી ગેરેન્ટી કાયદો બનાવવા કટિબદ્ધતા વ્યક્ત કરી છે. સરકાર સમિતિની રચના કરીને તેના ડ્રાફ્ટિંગને ક્લિયર કરે અને સમય મર્યાદા નક્કી કરે, આંદોલનમાં માર્યા ગયેલા લોકોના આશ્રિતોને વળતર અને તેમનું પુનર્વસન કરે, શહીદ સ્મારક બનાવવાની જગ્યા આપે તો ખેડૂતોને આટલી ભીષણ ઠંડીમાં રસ્તા પર બેસીને આંદોલન કરવાનો શોખ નથી.

## ગગનયાનનો વિવિધતાસભર પ્રોજેક્ટ કર્ણાટકના બદલે ગુજરાતમાં સ્થપાશે

બેંગલુરૂ,તા.૩

ઈસરો તેના પ્રથમ એવા મહત્વાકાંક્ષી ગગનયાન મિશન સહિત ભારતના સમાનવ સ્પેસ પ્રોગ્રામ માટે નવું માળખું ઊભુ કરવા કેન્દ્ર સરકાર ગુજરાત પર પસંદગી ઉતારે એવી સંભાવના છે. જો કે આ બાબતે હજી સુધી કોઈ નિર્ણય નથી લેવાયો પણ પાંચ મહિના અગાઉ પણ ગુજરાતમાં નવા માળખાના બાંધકામ માટે એક મીટિંગ યોજાઈ ગઈ હતી.

અહીં કંટ્રોલ સેન્ટર ઊભુ કરવાની ચર્ચા પણ ચાલી રહી છે. વૈજ્ઞાનિકોએ કંટ્રોલ/મિશન કેન્દ્ર ઊભુ કરવા માટે અભ્યાસ શરૂ કરી દીધો છે. ઉપરાંત ગુજરાતમાં સંભવિત એસ્ટ્રોનોટ રિહેબિલિટેશન કેન્દ્ર ઊભુ કરવા વિશે પણ ચર્ચા ચાલી રહી છે.

જો આ સ્થળાંતર થયું તો ઈસરોના વૈજ્ઞાનિકો, એન્જિનીયરો અને કર્મચારીઓનો મોટો સ્ટાફ કર્ણાટકથી ગુજરાત આવશે અને મોટી સંખ્યામાં નવા ઈજનેરોની ભરતી કરશે. એટલું જ નહીં, ગુજરાતને એક અલાયદું કન્ટ્રોલ સેન્ટર મળશે અને આ રીતે અવકાશ સંશોધન ક્ષેત્રે ગુજરાતનું મહત્ત્વ વધી જશે.

ઈસરોના ચેરમેન કે સિવાને સ્પષ્ટતા કરી છે કે ગગનયાનઅન્ય મિશનોથી વિપરીત એક મોટો પ્રોજેક્ટ છે જેમાં દેશની બહુવિધ એજન્સીઓ અને લેબોરેટરીઓ સામેલ છે. આથી વિવિધ ટેકનીકલ બાબતો અને સ્રોતોને ધ્યાનમાં રાખીને તેની કામગીરીને અલગ અલગ સ્થળોએ વિભાજિત કરવાની જરૂર છે.

એક વરિષ્ઠ વૈજ્ઞાનિકે જણાવ્યું કે ઈસરો ખાતે ગગનયાન કંટ્રોલ કેન્દ્ર માટે કાર્ય ચાલી રહ્યું છે. એમાં ૧૦૦થી ૧૫૦ કન્સોલ્સ, એવી સુવિધા,વીઆઈપી સ્પેસ સામેલ હશે. તેમણે વધુમાં સ્પષ્ટતા કરી કે અન્ય મિશનોમાં માત્ર બે હોલ હોય છે એક સ્પેસ સીસ્ટમ માટે અને એક ગ્રાઉન્ડ સીસ્ટમ માટે જયારે ગગનયાન એક વિશાળ મિશન હોવાથી તેને એન્વાયર્ન્મેન્ટલ કંટ્રોલ અને લાઈફ સપોર્ટ, ક્રૂ અને અન્ય બાબતો માટે ત્રીજા હોલની જરૂર પડશે.

ઈસરો મુખ્યાલયના એક વરિષ્ઠ અધિકારીએ પણ જણાવ્યું કે ગગનયાન જેવા મહત્વના પ્રોજેક્ટ માટે અન્ય સ્થળની જરૂર પડશે. એથી જ ગુજરાતનો વિચાર થઈ રહ્યો છે. એક અન્ય વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે નવી સુવિધા લેન્ડીંગ સાઈટની નજીક હોવી જોઈશે.

આથી જો અરબી સમુદ્રમાં લેન્ડીંગ થવાનું હોય તો આ કેન્દ્ર ગુજરાતમાં બને. ઉપરાંત ભારતીય નેવીએ પણ જણાવ્યું કે બંગાળની ખાડીમાં સમુદ્રમાં તોફાન વધુ હોય છે તેમજ મોજા વધુ ઊંચે ઉછળતા હોવાથી મોડ્યુલ પાણીમાં ગરક થઈ શકે છે.

ઉપરાંત લેન્ડીંગ બાદ બચાવ કાર્ય પણ કરવું પડે. બંગાળના સમુદ્રમાં મોજાની ઊંચાઈને ધ્યાનમાં રાખતા ત્યાં પહોંચતા બે કલાક લાગી શકે અને ક્રૂ મોડ્યુલમાંથી એસ્ટ્રોનોટ્સને બહાર નીકળવું ભારે પડી શકે. જો કે આ બાબતે હજી અંતિમ નિર્ણય નથી લેવાયો.

લેન્ડીંગ બાદ પણ ક્રૂને રિહેબિલિટેટ કરવાની જરૂર હોય છે અને આવું કેન્દ્ર સમુદ્રથી નજીક હોવું જોઈએ. આ કેન્દ્રમાં મેડિકલ અને અન્ય સુવિધાઓ હશે. આ તમામ કારણોસર નવા કેન્દ્ર માટે ગુજરાતની પસંદગી થઈ શકે છે.

## ગુજરાતની નર્મદા-સાબરમતી સહિત ૨૦ નદીઓ પ્રદૂષિત, મહારાષ્ટ્રમાંથી સૌથી વધુ ૫૩ નદી પ્રદૂષિત

નવીદિલ્હી,તા.૩

આપણી સંસ્કૃતિમાં નદીને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. પરંતુ આ નદીઓને પ્રદૂષિત કરવામાં પણ આપણે મોખરે છીએ. ગુજરાતમાં નર્મદા, સાબરમતી સહિત કુલ ૨૦ નદીઓ પ્રદૂષિત છે. દેશના જે રાજ્યમાં સૌથી વધુ પ્રદૂષિત નદી હોય તેમાં ગુજરાત પાંચમાં સ્થાને છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૫૩ જ્યારે ભારતમાં કુલ ૩૫૧ નદીઓ અત્યંત પ્રદૂષિત છે.

ગુજરાતમાં જે નદીઓ પ્રદૂષિત છે તેમાં અમલાખાડી, ભાદર, ભોગાવો, વિશ્વારમિત્રી, દમણગંગા, તાપી, મેશ્વાનો મુખ્યત્વે સમાવેશ થાય છે. આશ્ચર્યજનક રીતે સાબરમતી નદી પરનું પ્રદૂષણ દૂર કરવા કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ચાર વર્ષમાં રૂપિયા ૨૦૧.૫૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. જેમાં ૨૦૧૪-૧૫માં ૪૪ કરોડ, ૨૦૧૫-૧૬માં ૨૪.૧૨ કરોડ, ૨૦૧૬-૧૭માં ૭૧.૪૦ કરોડ, ૨૦૧૭-૧૮માં ૬૨ કરોડનો સમાવેશ થાય છે. ગંગા બાદ કોઇ નદી પરથી પ્રદૂષણ દૂર કરવામાં માટે ફાળવવામાં આવેલું આ સૌથી વધુ રકમમનું ફંડ છે. ગંગા નદી પરથી પ્રદૂષણ દૂર કરવા ચાર વર્ષમાં રૂપિયા ૯૧૭.૨૪ કરોડ ફાળવવામાં આવ્યા હતા.

ગુજરાતમાં નદીઓ પ્રદૂષિત થવા માટે ઉદ્યોગો મુખ્યત્વે જવાબદાર હોવાનો જાણકારોનો મત છે. નદી પરના પ્રદૂષણને ઘટાડવા તંત્ર હજુ નહી જાગ્યું તો સ્થિતિ વધુ વણસે તેવી પૂરી દહેશત છે. જાણકારોના મતે નદીઓમાં પ્રદૂષણ ફેલવાતા ઔદ્યોગિક એકમો સામે કડકમાં કડક પગલાં લેવા જોઇએ. ગુજરાતની આ પ્રદૂષિત નદીઓમાં બાયોલોજીકલ ઓક્સિજન ડિમાન્ડનું પ્રમાણ પણ ખૂબ જ ઊંચું હોવાનું સામે આવ્યું છે. દેશમાં સૌથી વધુ નદીઓ પ્રદૂષિત હોય તેમાં મહારાષ્ટ્ર બાદ આસામ બીજા, મધ્ય પ્રદેશ ત્રીજા અને કેરળ ચોથા સ્થાને છે.

## જવાદક્ષને કારણે આંધ્ર પ્રદેશ અને ઓડિશામાં એલર્ટ, મધ્યપ્રદેશમાં ઠંડી વધી



નવીદિલ્હી,તા.૩

ભારતીય હવામાન વિભાગ તરફથી મળતી જાણકારી મુજબ તોફાન જવાદ શનિવારે સવારે આંધ્ર પ્રદેશ અને ઓડિશાના તટો પર અથડાઈ શકે છે. વિભાગે જણાવ્યું કે ૩ નવેમ્બરે દક્ષિણ તટીય ઓડિશા અને ઉત્તર તટીય આંધ્ર પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની શક્યતા છે. આ તોફાનના કારણે આંધ્ર પ્રદેશના ૩ ઉત્તરીય તટીય જિલ્લામાં અધિકારીઓએ હાઈ એલર્ટ પર રહેવાનો નિર્દેશ આપ્યો છે. ૩થી ૫ ડિસેમ્બરની વચ્ચે માછીમારોના પશ્ચિમ મધ્ય અને ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડીમાં નહી જવાની સલાહ આપી છે.

આંધ્ર પ્રદેશ રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રાધિકરણના આયુક્તે કન્ના બાબૂએ કહ્યું કે શુક્રવાર રાતે બંગાળની ખાડીના તટ પર ૪૫-૬૫ કિમી પ્રતિ કલાકની ગતિથી હવાઓ ચાલવાની શક્યતા છે અને શનિવારે સવાર સુધી આ હવાઓની સ્પીડ ૭૦-૯૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. ચક્રવતી તોફાનના પરિણામ સ્વરુપ ઉત્તરી તટીય જિલ્લામાં વિભિન્ન સ્થાનો પર મધ્યમથી ભારે વરસાદ થવાની શક્યતા છે.

સીએમ વાઈ એસ જગન મોહન રેડ્ડીએ ગુરુવારે શ્રીકાકુલમ, વિજયનગરમ અને વિશાખાપટ્ટનમના જિલ્લાધિકારીઓ સાથે વાત કરી અને તોફાનને ધ્યાનમાં રાખીને તેમને તમામ ઐતિહાસિક પગલા ભરવાના નિર્દેશ કર્યા. ચક્રવાતના ધ્યાનમાં રાખી ૪ ડિસેમ્બર માટે તટીય આંધ્ર પ્રદેશ અને ઓડિશામાં રેડ એલર્ટ જારી કર્યુ છે.

બંગાળની ખાડીમાં બની રહેલા ચક્રવાતી તોફાનથી આ અઠવાડિયે દક્ષિણ બંગાળના અનેક જિલ્લામાં તેજ હવાઓની સાથે ભારે વરસાદ થવાની શક્યતા છે. ત્યારે ભોપાલ અને ઈન્દોર સહિત પશ્ચિમ મધ્ય પ્રદેશના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. આઈએમજીએ ઈન્દોર સહિત ૮ જિલ્લામાં વીજળી પડવાને લઈને ચેતવણી સહિત યલો એલર્ટ જારી કર્યુ છે.

## હિમાચલમાં ભાજપ દ્વારા ઉપેક્ષાથી નારાજ પ્રદેશ ઉપાધ્યક્ષે રાજીનામુ આપ્યું

શિમલા,તા.૩

હિમાચલ પ્રદેશમાં ભાજપને મોટો આંચકો લાગ્યો છે.ભાજપના હિમાચલના પ્રદેશ ઉપાધ્યક્ષ કૃપાલ પરમાને પોતાના પદ ઉપરથી રાજીનામુ આપી દીધુ છે.પરમારે ફેસબુક પર પોતાનું રાજીનામુ શેર કરતા પાર્ટી દ્વારા નજરઅંદાજ કરવાનો આરોપ લગાવ્યો છે.

પ્રદેશ અધ્યક્ષ સુરેશ કશ્યપને લખેલ પોતાના રાજીનામામાં પરમારે લખ્યું છે હું કૃપાલ પરમાર મારૂ રાજીનામુ મોકલી રહ્યું છે.મહેરબાની કરી તેનો સ્વીકાર કરો.હું બીજા પત્રોમાં રાજીનામું આપવાના કારણોની બાબતમાં માહિતી આપીશ

પરમારે કહ્યું કે ગત ચાર વર્ષોથી મારી પાર્ટીમાં સતત ઉપેક્ષા થઈ કરી છે હવે મારાથી સહન થાય તેમ નથી એટલું જ નહીં પરમારે કહ્યું કે તેઓ ભાજપના સાચા કાર્યકર્તા છે અને પોતાનું કામ કરતા રહેશે

કૃપાલે આ રાજીનામુ તેવા સમયે આપ્યું છે જયારે રાજયોમાં કારોબારી કમિટીની બેઠક થનાર છે હિમાચલ પ્રદેશમાં તાજેતરમાં થયેલ પેટા ચુંટણીમાં પરમારની જગ્યાએ ફતેહપુર બેઠકથી બલદેવ ઠાકુરને ટીકીટ આપવામાં આવી હતી જો કે જયરામ ઠાકુરના હસ્તક્ષેપ બાદ પરમારે અપક્ષ ઉમેદવાર તરીકે પેટાચુંટણીમાં મેદાનમાં ઉતર્યા ન હતાં પરંતુ તેઓ ચુંટણી પ્રચારથી દુર રહ્યાં હતાં.

આ ચુંટણીમાં બલદેવ ઠાકુરને ભવાની સિંહના હાથે ૫૦૦૦ મતોથી હાર મળી હતી પરમારે કહ્યું કે તેમને ફતેહપુર બેઠકથી ટીકીટ મળી ન હતી. ત્યારબાદ પણ તે શાંત રહ્યાં.પરમારે કહ્યું કે તેમને કોઇને કોઇ રીતે અપમાનિત કરવામાં આવ્યા અને હવે તેઓ વધુ અપમાન સહન કરી શકે તેમ નથી આથી તેઓ પોતાના પદેથી રાજીનામુ આપી રહ્યાં છે.



## તંત્રી સ્થાનેથી...

# ઘરની બહારના પરિબળો બાળકના વિકાસમાં મોટી ભૂમિકા ભજવે છે



***માતા-પિતા દેખીતી રીતે તેમના બાળકની જેમ જેમ તેઓ મોટા થાય છે તેમ વિકાસ પામે છે તેમાં મુખ્ય ભૂમિકા ભજવે છે, ઘણા લોકો માને છે કે કુટુંબની બહારના સામાજિક પરિબળો હવે બાળકોને વધુ પ્રભાવિત કરે છે. આ નિબંધ દલીલની બંને બાજુની તપાસ કરશે. તેમાં કોઈ શંકા નથી કે પરિવારમાં બાહ્ય પરિબળો છે જે બાળકના વિકાસ પર નોંધપાત્ર અસર કરે છે. ઉદાહરણ તરીકે, ટેલિવિઝન અને ઇન્ટરનેટ છે. આ દિવસોમાં બાળકો પાસે ભૂતકાળમાં ઉપયોગ કરતા હતા તેના કરતાં ઘણી વધુ આની એક્સેસ છે, અને તેઓ ભાષા પસંદ કરશે અને વસ્તુઓ જોશે જે તેમને જીવન વિશે શીખવશે. મિત્રોનો પણ મહત્વનો પ્રભાવ હોય છે કારણ કે બાળક ઘણીવાર સાથીદારોની નકલ કરે છે જેની તેઓ પ્રશંસા કરે છે અને આદર કરે છે. આ સકારાત્મક વર્તન હોઈ શકે છે પરંતુ તે નકારાત્મક પણ હોઈ શકે છે, જેમ કે ધૂમ્રપાન અથવા દવાઓ લેવી.***

***જેઓ માને છે કે આ દિવસોમાં બાળકો મોટાભાગે બહારની દુનિયા દ્વારા ઘડવામાં આવે છે તેઓ ઘણીવાર ટેકનોલોજીના વિસ્તરતા મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. દાયકાઓ પહેલા, પરિવારો માટે આખો દિવસ, રાત્રિભોજન અને રજાઓ દરમિયાન વાતચીત કરવાનું વધુ સામાન્ય હતું. આજે, કુટુંબના દરેક સભ્ય તેમના સ્માર્ટફોન, ટેબ્લેટ અથવા લેપટોપ સાથે વધુ વ્યસ્ત હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, બાળકો પાસે હવે ઈંહી જેવી સ્ટ્રીમિંગ વિડિયો સાઇટ્સની સતત એક્સેસ છે. ટેલિવિઝન પર દિવસમાં એક કલાક કાર્ટૂન જોવાને બદલે, તેઓ ઘરની અંદર અને બહાર બંને જગ્યાએ આખો દિવસ શો જોઈ શકે છે. પરિણામ એ છે કે બાળકોને ઘણીવાર વિશિષ્ટ ચેનલો મળે છે અને માતા-પિતાને તેમની રુચિઓ અને પ્રભાવોની યોગ્યતા સાથે દેખરેખ રાખવામાં અને જાળવવામાં મુશ્કેલી પડે છે.***

***તેમ છતાં, પારિવારિક જીવન પ્રારંભિક મનોવૈજ્ઞાનિક વિકાસનું કેન્દ્ર રહે છે. જ્યારે સંશોધકો કહે છે કે મોટાભાગના વ્યક્તિત્વની રચના થાય છે ત્યારે બાળકોને તેમના શરૂઆતના વર્ષોમાં નવી ટેક્નોલોજીની વધુ એક્સેસ મળવાની શક્યતા નથી. જો માતા-પિતા કડક, ક્ષમાહીન હોય અને તેમના પ્રેમને રોકી રાખે તો બાળકો કાં તો અસ્વીકારની લાગણીથી અંદરની તરફ વળવા લાગે છે અથવા તેમના માતાપિતાના સન્માન માટે અનિવાર્યપણે પ્રયત્ન કરે છે. આ પ્રારંભિક, શીખેલી વર્તણૂકો ક્રમશઃ વધુ બિનઆરોગ્યપ્રદ વર્તણૂકોમાં પોતાને પ્રગટ કરશે અને બાળક જેમ જેમ પરિપક્વ થશે તેમ વિકસિત થશે.***

***તેનાથી વિપરિત, જે બાળકને બિનશરતી પ્રેમ કરવામાં આવે છે પરંતુ તેમના માતાપિતા તરફથી પ્રમાણિક પ્રતિસાદ આપવામાં આવે છે તે અનુકરણ કરવા માટે મજબૂત રોલ મોડલ સાથે સારી રીતે સમાયોજિત પુખ્ત બનવાની ઘણી મોટી તકો ધરાવે છે. છેવટે, જો કે, તે કુટુંબ છે જે સૌથી મહત્વપૂર્ણ અસર કરે છે. બાળકો તેમનો લગભગ તમામ સમય તેમના પરિવાર સાથે વિતાવે છે, ખાસ કરીને તેમના શરૂઆતના વર્ષોમાં. તેઓ તેમની સાથેની ક્રિયાપ્રતિક્રિયા દ્વારા તેમના આત્મવિશ્વાસ, સમાજીકરણ કૌશલ્યો, નૈતિકતા, મૂલ્યો અને જીવન પ્રત્યેના મંતવ્યો વિકસાવે છે. આના મહત્વનો પુરાવો કેટલાક બાળકો વચ્ચેના તફાવતોમાં જોઈ શકાય છે. જેઓ નિષ્ક્રિય ઘરમાં ઉછરે છે તેઓને આખરે સમસ્યાઓ થાય છે, જ્યારે કે જેઓ ગરમ અને નજીકના વાતાવરણમાં ઉછરે છે તેઓ પુખ્ત જીવનમાં વધુ આત્મવિશ્વાસ અને સુરક્ષિત રહે છે.***

***તે કુટુંબ છે જે સહાયક, સુરક્ષિત અને સંવર્ધન વાતાવરણ પ્રદાન કરી શકે છે, જે બાળક પુખ્ત બને તે રીતે નિર્ણાયક છે. જો કે તે સ્પષ્ટ છે કે સામાજિક પરિબળો ભાગ ભજવે છે, હું દલીલ કરીશ કે તે ભૂતપૂર્વ છે જે સૌથી મહત્વપૂર્ણ છે.***

# તોલમાપ ખાતાએ ડીમાર્ટને ૯૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો

અમદાવાદ,તા.૩

શહેરના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા ડી-માર્ટ પર હંમેશા લોકોની લાઈનો હોય છે. જો તમે પણ ત્યાંથી ખરીદી કરતા હોવ તો તમારે આ સમાચાર સાંભળવા જોઈએ. શહેરના સેટેલાઇટ વિસ્તારમાં આવેલા ડીમાર્ટમાં તોલમાપ વિભાગ દ્વારા ૯૦ હજાર રૂપિયાનો દંડ ફંટકારવામાં આવ્યો છે. ડી-માર્ટના સેટેલાઈટ સ્ટોરમાં વેચાણમાં મૂકવામાં આવેલા પેકેટ પર નિયમ અનુસાર વિગતો ન હોવાથી ગ્રાહકો સાથે છેતરપિંડી થતી હોવાની અનેક ફરિયાદ મળી હતી. જે બાદ અધિકારીઓએ તપાસ કરતાં ફરિયાદમાં તથ્ય હોવાનું સામે આવ્યું હતું. જેના ડી-માર્ટ પાસેથી ૯૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે.

ડી-માર્ટમાં જે પેકેટનું વેચાણ થઈ રહ્યું હતું તેના પર ધી લિગલ મેટ્રોલોજી એક્ટ ૨૦૦૯ અને પેકેજિંગ કોમોડિટી રૂલ ૨૦૧૧ મુજબ જે પણ જરૂરી નિર્દેશ હોવા જોઈએ તે દર્શાવવામાં આવ્યા ન હતા. આ અંગે ગ્રાહકો સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ મળી હતી. તપાસ કરતાં ફરિયાદ સાચી હોવાનું ખૂલતાં દંડ ફટકારાયો હતો. આ અંગે મીડિયા સાથેની વાતચીતમાં લીગલ મેટ્રોલોજીના નિયામક ચંદ્રેશ કોટકે જણાવ્યું હતું કે, ગ્રાહકો સાથે છેતરપિંડી કરતા કોઈપણ પ્રકારના એકમો સામેની ફરિયાદ નોંધાશે તો વિભાગ તરત જ તપાસ કરશે. તપાસમાં તથ્ય દેખાશે તો કડક પગલા લેવામાં આવશે. ૨૦૨૦-૨૧માં ૧,૭૯,૬૭૬ અને ચાલુ વર્ષે સપ્ટેમ્બર મહિના સુધીમાં ૭૨,૯૩૮ એકમોની તપાસ કરાઈ હતી. જેમાં ૨૦૨૦-૨૧માં ૯,૭૪૪ અને ૨૦૨૧માં ૩,૩૩૮ એકમો સામે કાયદેસરની કાર્યવાહી થઈ હતી. જેમાં અનુક્રમે ૩૦.૭૨ કરોડ અને ૧૩.૮૬ કરોડનો દંડ લેવાયો હતો.

### પંજાબમાં ગાયકો અને કલાકારો ચૂંટણી મેદાનમાં આવી રહ્યા છે.

# પંજાબના વિવાદિત સિંગર શુભદીપ સિંહ ઉર્ફે સિદ્ધૂ મૂસેવાલા પંજાબ કોંગ્રેસમાં સામેલ થઈ ગયો છે

ચંડીગઢ,તા.૩

પંજાબમાં વિધાનસભાની ચુંટણી પહેલા સિંગર સિદ્ધૂ મૂસેવાલા કોંગ્રેસમાં સામેલ થયા છે. મૂસેવાલાની સારી ફેન ફોલોઈંગ છે. જેના કારણે જ તેને કોંગ્રેસમાં લાવવામાં આવ્યો છે. મૂસેવાલાએ ભટિંડા અને માનસામાં કોંગ્રેસની રેલીમાં તેમજ રાજકારણમાં સક્રિય થવામાં રસ દાખવ્યો હતો.

મૂસેવાલા પહેલા જ રાજનીતિમાં આવવાની ઈચ્છા જતાવી ચૂક્યો છે. તે માનસાથી કોંગ્રેસ માટે ચૂંટણી લડી શકે છે. બાકી પંજાબમાં કોંગ્રેસ તેનો પ્રચાર કરશે. તેની માતા ચરણ કૌર ગામની સરપંચ પણ છે. મૂસેવાલાની કોંગ્રેસ સાથે સારી બને છે. જો કે તેને કોઈ રાજનીતિનો અનુભવ નથી પરંતુ તેની પંજાબ અને ખાસ કરીને માલવામાં સારી પકડ છે.

સમગ્ર વિશ્વમાં પંજાબીઓનું નામ રોશન કર્યું. ૪ વર્ષ પછી હું એક નવી દુનિયા શરૂ કરી રહ્યો છું. મને રાજકારણમાં બહુ રસ નથી. લોકો પોતાની સમસ્યાનું સમાધાન ઈચ્છે છે અને માનસા તેમજ ભટિંડા સાથે હું એટેચ્ડ રહ્યો છું. મનસા ક્યારેય આગળ ન આવી શક્યું. હું કોઈ પદ કે પ્રશંસા માટે રાજકારણમાં નથી આવ્યો. મારી સાથે એક વર્ગ જોડાયેલો છે, જેને મારી પાસેથી અપેક્ષા છે. સિસ્ટમને ઠીક કરવા માટે, તેનો એક ભાગ બનવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. હું આ પાર્ટી દ્વારા મારો અવાજ ઉઠાવીશ. તેમણે કહ્યું કે કોંગ્રેસમાં એવા લોકો છે જે સામાન્ય ઘરોમાંથી આવે છે. મંત્રી અમરિંદર સિંહે રાજા વડિંગની પ્રશંસા કરી. હું પંજાબ અને દુનિયાના લોકોને અપીલ કરીશ કે મને આશીર્વાદ આપે જેથી હું સામાન્ય લોકોનો સહારો બની શકું.

પંજાબમાં ગાયકો અને કલાકારો ચૂંટણી મેદાનમાં આવી રહ્યા છે. પ્રખ્યાત કોમેડિયન ભગવંત માન આમ આદમી પાર્ટીના સભ્ય છે. ગાયક હંસરાજ હંસ દિલ્હીથી ભાજપના સાંસદ છે અને મોહમ્મદ સાદિક પણ ફરીદકોટથી સાંસદ છે. અમૂલ્ય ગગન માન પણ આપમાં છે. ગુરપ્રીત ગુગ્ગી પણ રાજકારણમાં આવ્યા હતા, પરંતુ હવે તેમણે આમ આદમી પાર્ટી છોડી દીધી છે. ભાજપે ગુરદાસપુરથી બોલિવૂડ અભિનેતા વિનોદ ખન્ના અને સની દેઓલ પર પણ દાવ રમ્યો છે. જસ્સી જસરાજ, સતવિંદર બિટ્ટીએ પણ રાજકારણમાં પ્રવેશ કર્યો છે. હવે બધાની નજર બોલિવૂડ સ્ટાર સોનુ સૂદ પર છે. સોનુ સૂદે જાહેરાત કરી છે કે બહેન માલવિકા સૂદ મોગાથી ચૂંટણી લડશે. જો કે હજુ સુધી પાર્ટીની પસંદગી કરવામાં આવી નથી. તેઓ સીએમ ચન્ની, અરવિંદ કેજરીવાલ, સુખબીર બાદલ અને કેપ્ટન અમરિંદર સિંહને મળ્યા છે.

સંગઠન અને સરકાર વચ્ચે હજુ પણ ખેંચતાણમાં રહેલી કોંગ્રેસ હવે એક્શનમાં જોવા મળી રહી છે. સીએમ ચન્ની સતત બીજા દિવસે કોન્ફરન્સ કરી રહ્યા છે. ગુરુવારે તેમણે તેમની ૭૦ દિવસની સરકારનું રિપોર્ટ કાર્ડ આપ્યું. તેઓ નિયમિતપણે ચૂંટણી રેલીઓ કરી રહ્યા છે. તે જ સમયે, પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ નવજોત સિદ્ધુ પણ સતત રેલીઓ કરીને કોંગ્રેસ માટે વોટ માંગી રહ્યા છે.

### પ્રશાંત કિશોર પર કોંગ્રેસનો પલટવાર

# અમે સલાહકારની વાત પર પ્રતિક્રિયા આપતા નથી. ખાસ કરીને જ્યારે તેમણે મોદીજી સાથે કામ કર્યું હોય.: રણદીપ સુરજેવાલા

ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરે કોગ્રેસના નેતા રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં કહ્યું હતું કે કોંગ્રેસ જે વિચારધારા અને રાજકારણનું પ્રતિનિધિત્વ કરે છે તે મહત્વપૂર્ણ છે, પરંતુ તેનું નેતૃત્વ એ "વ્યક્તિનો કુદરતી અધિકાર" નથી, ખાસ કરીને જ્યારે પાર્ટી છેલ્લા ૧૦ વર્ષમાં, ૯૦ ટકા ચૂંટણી હારી છે. "વિપક્ષના નેતૃત્વની ચૂંટણી લોકતાંત્રિક રીતે થવા દો

આ પહેલા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે કહ્યું હતું કે હવે યુપીએ (યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ) નથી. એક દિવસ પછી, કિશોરે વિપક્ષનું નેતૃત્વ કરવા માટે લોકશાહી ચૂંટણીઓનું આહ્વાન કર્યું.

વિવિધ પક્ષોના રાજકીય સલાહકાર રહી ચૂકેલા કિશોરના આ નિવેદન પર કોંગ્રેસે તીખી પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે અમે સલાહકારની વાત પર પ્રતિક્રિયા આપતા નથી.

ખાસ કરીને જ્યારે તેમણે મોદીજી સાથે કામ કર્યું હોય. મમતા બેનર્જી અંગે સુરજેવાલાએ કહ્યું કે તેમણે નક્કી કરવાનું છે કે તેઓ ફાસીવાદી શક્તિઓ સાથે છે કે તેમની વિરુદ્ધ છે."કોઈ વૈચારિક પ્રતિબદ્ધતા ધરાવતા વ્યાવસાયિક રાજકીય પક્ષો વ્યક્તિઓને ચૂંટણી લડવા અંગે સલાહ આપવા માટે સ્વતંત્ર છે, પરંતુ તે આપણા રાજકારણનો એજન્ડા સેટ કરી શકતા નથી,"

કોંગ્રેસના નેતાએ કપિલ સિમ્બલે કહ્યું, "કોંગ્રેસના "શાસનનો સ્વાભાવિક અધિકાર" ની ખોટી માન્યતાને દૂર કરવાની જરૂર છે. રાહુલ ગાંધી "સંઘર્ષની સ્વાભાવિક જવાબદારી"ના આપણા સમૃદ્ધ વારસાને આગળ ધપાવી રહ્યા છે.તેમણે ટ્વીટ કર્યું, "કોંગ્રેસ વિના, યુપીએ આત્મા વિનાના શરીર જેવું હશે. વિપક્ષી એકતા બતાવવાનો આ સમય છે." કોંગ્રેસના નેતા આનંદ શર્માએ એમ પણ કહ્યું કે કોંગ્રેસ દેશની મુખ્ય વિપક્ષી પાર્ટી છે અને ભાજપને હરાવવાના કોઈપણ રાષ્ટ્રીય પ્રયાસનો મુખ્ય આધારસ્તંભ રહે છે.

### જર્મનીમાં રસી નહી લેનારાઓ માટે 'લોકડાઉન', બ્રિટનમાં એક દિવસમાં ૫૩૦૦૦ કેસ

લંડન,તા.૩

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનના કારણે દુનિયાના દેશો નવેસરથી ચિંતામાં પડી ગયા છે ત્યારે જર્મનીએ હવે કોરોનાની રસી નહીં લેનારાઓ સામે આકરુ વલણ અપનાવ્યુ છે. જર્મીનાના ચાન્સેલર એંજેલે મર્કેલે કહ્યુ છે કે, રસી નહી લેનારાઓ માટે લોકડાઉન લાગુ કરાશે.

આવા લોકો જાહેર જગ્યાઓ પર નહીં જઈ શકે અને જરુરી વસ્તુઓની ખરીદી પણ નહીં કરી શકે. જર્મનીએ ફેબ્રુઆરી મહિનાથી વેક્સીન ફરજિયાત કરવાનુ પણ નક્કી કર્યુ છે.આ જાહેરાત એટલા માટે કરવી પડી છે કે, જર્મનીમાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે.

# ઓમીક્રોન વેરિએન્ટ હજુ પણ વધુ દેશમાં ફેલાતો જશે એવી શકયતા -WHO

ન્યુદિલ્હી, તા.૦૩

દક્ષિણ આફ્રિકાના નેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર કોમ્યૂનિકેશન ડિસીઝના જણાવ્યા અનુસાર ટ્રાન્સમિશન બાબતે આ કદાંચ સ્પેશિયલ વેરિએન્ટ હોવાનું જણાય છે. ઓમીક્રોન બાબતે હજુ જોઈએ તેટલા પ્રમાણમાં માહિતી બહાર આવી નથી પરંતુ જો તેના પર વેકિસનનો પ્રભાવ પણ નિસ્તેજ રહેશે તેવા સંજોગોમાં ખતરો વધી જશે. ભારતમાં ઓમીક્રોનની એન્ટ્રી - કોરોના વાયરસના નવા વેરિએન્ટની ભારતમાં પણ એન્ટ્રી થઈ છે. કર્ણાટકમાં ઓમિક્રોનના બે દર્દીઓ ધ્યાનમાં આવ્યા હોવાનું જાણવા મળે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુકત સચિવ લગ અગ્રવાલે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ઓમીક્રોનના બંને કેસ કર્ણાટકમાં નોંધાયા હોવાને પુષ્ઠી આપી હતી. ઓમિક્રોનના સંક્રમિત બે દર્દીઓમાં એકની ઉંમર ૬૬ વર્ષ જયારે બીજાની ૪૬ વર્ષ છે.ઓમીક્રોનથી સંક્રમિત પ્રથમ વ્યકિત દક્ષિણ આફ્રિકામાં ધ્યાનમાં આવ્યો હતો. કોરોના વાયરસના ઓમીક્રોન વેરિએન્ટની કમ સે કમ ૨૩ દેશોમાં એન્ટ્રી થઈ છે એમ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના પ્રમુખ ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયસએ જાહેર કર્યુ હતું. એટલું જ નહી ઓમીક્રોન વેરિએન્ટ હજુ પણ વધુ દેશમાં ફેલાતો જશે એવી શકયતા છે. છેલ્લા કેટલાક સમયથી દક્ષિણ આફ્રિકામાંથી મળી આવેલા કોરોનાના ઓમીક્રોન વેરિએન્ટે ધ્યાન ખેંચ્યું છે. કેટલાક નિષ્ણાતો ઓમીક્રોનને ડેલ્ટા વેરિએન્ટ કરતા પણ ઘાતક સમજે છે. ઘણા દેશોએ દક્ષિણ આફ્રિકા સાથેનો એર ટ્રાફિક બંધ કરી દીધો છે અથવા તો નિયંત્રણ મુકયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ દુનિયામાં ફેલાઇ આ નવા વેરિએન્ટ બાબતે ચેતવણી આપી છે.

# ઉદ્યોગપતિ ગૌતમ અદાણી મમતા દીદીને મળ્યા, બંગાળ ગ્લોબલ સમિટ ૨૦૨૨માં ભાગ લેશે

મુંબઇ,તા.૩

ઉદ્યોગપતિ ગૌતમ અદાણી મુંબઈમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને મળ્યા હતા. આ દરમિયાન ગૌતમ અદાણીએ મુખ્યમંત્રીને તાજપુર પોર્ટમાં રોકાણ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

એપ્રિલ ૨૦૨૨માં કોલકાતામાં બંગાળ ગ્લોબલ બિઝનેસ સમિટ યોજાવા જઈ રહી છે. અગાઉ મમતા બેનર્જી અને ગૌતમ અદાણીની મુલાકાત આ રોકાણને લઈને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પીએમ નરેન્દ્ર મોદી બંગાળ બિઝનેસ સમિટનું ઉદ્ઘાટન કરશે. તમને જણાવી દઈએ કે ગયા અઠવાડિયે જ્યારે મમતા બેનર્જી પીએમ મોદીને મળવા દિલ્હી આવી હતી. તે દરમિયાન તેણે ઉદ્યોગપતિ ગૌતમ અદાણીને આમંત્રણ આપ્યું હતું.ગૌતમ અદાણી સીએમ મમતા બેનર્જીને મળ્યા હતા. તેણે ટ્વીટ કરીને આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે બંગાળમાં વિવિધ રોકાણો પર સીએમ બેનર્જી સાથે ચર્ચા કરવામાં આવી હતી. તેમણે બંગાળ બિઝનેસ સમિટમાં જોડાવા અંગે પણ માહિતી આપી હતી. જણાવી દઈએ કે સીએમ મમતા બેનર્જી બિઝનેસ સમિટને લઈને સતત અન્ય પાર્ટીઓના નેતાઓ સાથે મુલાકાત કરી રહી છે. તાજેતરમાં મમતા બેનર્જી સીએમ ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે અને એનસીપી ચીફ શરદ પવારને મળ્યા હતા. ત્રણ દિવસ માટે મુંબઈ પહોંચેલા સીએમ બેનર્જી કોંગ્રેસના એક પણ નેતાને મળ્યા ન હતા.બેનર્જીએ રાહુલ ગાંધીનું નામ લીધા વગર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે વિદેશમાં બેસીને રાજકારણ ન કરી શકાય.

# મૂડીવાદી અને ખાનગી કરણ એક રાજકીય ટંકશાળ

## રાજકારણ અને સત્તા માટે ધર્મ અને વેપારીઓનો ઉપયોગ

### - યાદ રાખશો ઇલેકશન બોન્ડ

**Buddhdev Pandya MBE THOUGHT OF THE DAY 2 December 2021**

આઝાદીના મૂળ નાખ્યા ત્યારથી કેટલાક તત્વો ને હિટલર ની વિચારધારા ખુબજ ગમી હતી. હિટલર એમ માનતો હતો કે આર્યન કોમજ એવી એક કોમ છે સત્તા ચલાવવામાટે છે અને બીજાને એમના દેશમાં રેહવાની કોઈને જરૂર નથી . આ વાત ૧૯૩૦ ની આજુબાજુની છે અને અહીં પ્ર્થમવાર જ સંઘ ના ગોલવલકર અને વિશ્વ હિન્દૂ પરિષદ ના સાવરકર ની હિન્દુત્વની રાજકીય વિચાર ધારા ના ભાષણો અને છપાયેલા નિવેદનોમાંથી મળી શકશે.

પછી સાવરકરે ૧૯૩૬માં અમદાવાદ ગુજરાતમાં હિન્દૂ મહાસભાના તેમના પ્રમુખ બન્યાના પ્રથમ ભાષણ માં બે રાષ્ટ્રોની માંગ કરી હતી. ચાર વર્ષો પછી જીન્હા એ મુસ્લિમ રાષ્ટ્રની માણકારી હતી અને પછી તો હિન્દૂ મુસ્લિમ ના ઝગડા શરુ અને અંગ્રેજોએ તેનો ફાયદો લેવા પ્રયત્ન કરેલો.આ સળગાવેલી ચિનગારી એ ભારતના ભાગલા ના મૂળ બીજ રોપેલા. આઝાદીની ચળવળમાં તો હિન્દૂ, મુસ્લિમ અને બધીજ કોમ ગાંધીજીની સાથે હતા. પણ આજે ઈતિહાસ નવો લખાઈ રહ્યો છે.

આમ જોવા જાવ તો મુસ્લિમ રાજ્યોમાં વર્ષો પહેલેથી ધર્મ ને રાજકીય પાંગળી પેરાવાય હતી. રાજાઓ ગયા અને એવા દેશો પણ છે જ્યાં આઝાદી મળવા છતાં ધર્મે ને રાજકીય મુદ્દા માં મહત્વતા આપી છે. આવા દેશો સમૃદ્ધ લાગે છે પણ તેમની ઝહલો ઝલાલી અમેરિકા જેવા દેશોંનીજ મહેબાની છે. આપણને ફરવા જઈએ એટલે ડુંગરા દૂરથી રળિયામણા લાગે છે. દેશમાં ગરીબોના હાલ તેવાજ છે. મળવા પછી પણ બદલાઈ નથી. મૂળ સિદ્ધાંત તો ધર્મ કે કોમ કે જ્ઞાતિના નામે સત્તા મેળવી અને તેન ઉપર કાબુ રાખવો એજ ઉદ્દેશ હોય છે. આ માનસિકતા વાળા સત્તા માટે કંઈપણ કરવા તૈયાર હોય છે. ધર્મ અને

રાજકારણ માં તફાવત રાખવાની મારિયાદ આપણે ભૂલી ગયા છીએ. ૧૯૪૮ બંધારણમાં આ એક જાતના ઝેરને દૂર રાખવા માટે પ્રાવધાર કાર્ય હતા જેથી ધર્મ કે કોમને નામે કોઈ સત્તા જમાવી ના બેસે. હિંદુત્વને આમ જોવા માટે મૂળ હિન્દૂ ધર્મ ના મૂલ્યો સાથે સત્તા મેળવવા કે ટકાવી રાખવા સિવાય કયો સમ્બન્ધ ? હવે હિન્દૂ હિન્દુને પૂછે છે કે તે મોદી વિરુદ્ધ છે તેના પરથી હિન્દૂ હોવાના સર્ટિફિકેટ અપાતા હોય તેમન લાગે છે. હિન્દૂ ધર્મ એક વ્યક્તિગત આત્મીયતાનો મુદ્દો છે. આ શ્રીકૃષનજી વારમવાર સમજવા પ્રયત્ન કરે છે. પણ આજકાલ સત્તાના મદમા આપણ ને ધર્મનો ઉપયોગ કરવાનું પણ છોડતા નથી. પહેલાના જમાનામાં સમાજ લોકોના દાન અને સેવાને એક ધર્મ માં ગણતા હતા. રાજાઓ પણ સરકારી ખજાનાઓમાંથી જનતાને માટે મદદ કરતા હતા. પણ પછી જેમજેમ રાજાઓની એક હથ્થું સત્તા ને હઠાવી લોકશાઇ આવી તો રાજાના વતી લોકસભા આવી. પેહલા રાજાઓની જનતાને મળતી સેવાઓ અને મદદ તેના ખજાનામાંથી થતી તેમ હવે આ આપણા જ ટેક્સમાંથી થવી જરીરુ છે. પણ વેપારી વર્ગે જોયું કે આ માં તો લૂંટ ચલાવવાનું મોટું સાધન મળી જશે અને તેને આપણે 'કેપિટલિસ્ટ' અને પ્રાયવેટ સેર્વીસના નામે ગણી નાખી. ટૂંકમાં જેનીપાસે પૈસા હૉય તે તે પ્રમાણે ઊંચી કે નીચી કક્ષની સારવાર મેળવી શકે.

હવે એક નવો વાવડ ફેલાવાયો છે. અઝાદી પછી ૬૦ વર્ષો દરમ્યાન સરકારી ખર્ચે દવાખાના અને હોસ્પિટલ તથા સ્કૂલ અને કોલેજો બનાવાઈ. પણ કઈ કામ થયુંજ નથી એમ પ્રચારો જોર શોરથી ચલાવાય છે. પણ એ ભૂલી જવાય છે કે સામાન્ય લોકોને ખુબજ નાની ફી અને કોઈવાર મફત એમ સેવાઓ મળતી હતી. તેમાં થોડા ખાનગી સેવાપણારા પણ આવીગયા હતા પણ જેમની ફી પણ માથાના વાળ ઉતારી નાખે તેવી હતી.

આને આ મૂડીવાદી -કેપિટલિસ્ટસ- માનસિકતા વળાઓએ બદનામ કરવા કહે છે કે છેલ્લા સાત વર્ષોમાંજ ડેવલપમેન્ટ થયું છે. અને આપણને ખબર છે કે ૨૦૧૪ પછી તો જાણે આ ખાનગી હોસ્પિટલ અને સ્કૂલ, કોલેજો તો રાફડો ફાટ્યો હોય તેમ પ્રાઈવેટાઈઝેશનના નામે લૂંટને એક જાતતની છૂટ મળી હોય તેમ લાગે છે.

તેમને વેગ આપવા સરકારી નિયમો ઢીલા કરાયા અને કોઈ પણ સરકારી નિયંત્રણ અને સરકારે તો તેમની જવબદારી પરથી હાથ જ ધોઈ નાખ્યા છે. આને ખરે ખાર આઝાદી તરીકે ગણાવવા માંડ્યા છે. અને હકીકત માં જે લોકો મેડિકલ વિભાગમાં, ડોકટરો થી માંડી દવાઓ બનાવનારા અને હોસ્પિટલો વાળાઓએ ખાસકારી કોર્પોરેટ કંપનીઓ અને તેના માલિકો માટે લિમિટલેસ- બેહદ નફા કાર્ય છે. આવ આ ઘી કેળા ના ધંધાના શર માર્કેટ માં ઉછાળો તો આવેજ ને?

પણ શરની વાત છે કે કેટલાક સ્વાર્થી નેતાઓ બ્રાહ્મણો, પટેલ,વાણીયા અને બીજી ઘણી કોમોને પોતાના રાજકીય ફાયદા માટે આવી પ્રાયવેટ સેવાઓ લેછે તેવા મૂછના તાલ દેતા થઇ ગયા છે. પણ તે નથી જોતા કે તે આજ ૭ વર્ષોમાં ઘણાની જીવનની બચાવેલ મૂડી, પેંશન અને છોકરીના લગ્ન માટેના ગરેણાં સાથે જમીન અને ઘરો પણ ગીરવે મુકવાનો વારો આવીગયો. છતાં આ નફકરા રાજકીય પ્રચારકો નાગને કુલે બાવળીયો ઉગે તો કહે કે છાંયડો થયો તેમ આ ખનગી કારણો ની વાહ વાહ કરવામાંથી ઉંચા નથી આવતા.

માંડ માંડ ઘરનું પૂરું કરનાર ને હજુ પણ સરકાર નીતિઓ કે બજેટ જેવી વાતોમાં રસ નથી અને સરકાર જે ફક્ત ચૂંટણી આવતા જ જેમ થોડા રોટલીના કટકા નાખે તો તે જાણે કેટલો સરસ છે અને સરકાર સારી છે તેનો પ્રચાર કરતા થાકતા હોય તેમ લાગતાજ નથી. હજુ લોકોને આ હુન્દુ અને હિન્દુત્વ અને ખાનગી કારણ અને સરકારી સેવાઓ વચ્ચે ની કોઈ ફર્કની સમજ જ નથી આવતી. તેમની સરકારી વ્યવસ્થા એટલે શું હે તે નથી સમજાતું. એટલું પણ ભાન નથી કે આજે મોટાભાગની જરૂરી સરકારી વ્યવસ્થાઓ ને આ સરકારની નીતિ એકદમ પાણીને ભાવે સસ્તી લ્હાણી કરવાની શરૂઆત કરી દીધી છે. અને તે પણ તેમના જ ખાસ મિત્રોને મોનોપોલીના રૂપમાં!

પણ જેના ગાજવા ક્યાંતો અક્કર્મિણાં ભવિષ્યના કડિયાની જેમ કાણાં હોય છે અથવા ખુબજ ઊંડા અને લગભગ ખાલી હોવા છતાં હોવા તે લોકો સિંગાપોર અને દુબઈની ઊંચી ઊંચી ઈમારતો કે એરપોર્ટના ફોટાઓ સરકારી જાહેરાતોમાં જોઈ પોતાને એક દિવસ અંબાણી અને અડાની હોવાના સ્વપ્નના ખરીદી દેશ ભક્તિ અને હિંદુત્વના નામે વોટો નિછાવર કરતા શરમાતા નથી.

આજે તે એવા લોકોને પણ આ લોકો ચૂંટીને મોકલે છે કે જે કાયતો બિલકુલ અભણ લોકો ને બિનેટમાં શીક્ષણ મંત્રી બનાવાય છે. આવા લોકો ઉપરથી ગરવ લેછે કે ભારતમાં ૩૦ થયો ૪૦ ટાકા મિનિસ્ટરો તેય કેબિનેટ લેવલ ઉપર છે તેમાં ઉપર ભયાનક ક્રિમિનલ કેસો છે. આની જવાબદાર ચૂંટનારાઓ અને તેમની નિમણુંક કરનારાઓ બંનેની ગણાય.

થોડીક નજર તો આ ઈલેકશન બોન્ડ અને બેફામ ગણતરી વગરના ચૂંટણી પ્રચારના ખર્ચ કાયથી આવેછે? અને આ સરકાર જે છાવરે પેહલાની સરકારની સામે આક્ષેપો કારતીહતી તે જરા સમજાવશે કે ૨૦૨૧ માં આ દ્વંછ જેને ગુજરાતીમાં મોટી કામનીઓના બેંકોના દેવા માફી ની રકમ રૂપિયા ૮.૩૪ લાખ કરોડ સીધી પોહચવા દીધી છે. ૨૦૧૪ ની સરખામણીમાં આ રકમ ચાર ઘણી વધી કહેવાય? ૩૫,૦૦૦ જેટલા કરોડ્પતિઓ કાયદેસર પોતાના પૈસા લઇ ભારથી પરદેશ જતા રહ્યા છે.જે ચોરો આ સરકારની નિગરાની નીચે અને જાણકારી હોવા છતાં ૨૦૧૪ પછી પરદેશ જતા રહ્યા છે. જેમના માળીયા અને મોદી જેવા તો તેમના તો ખુબ કરીબીજ હતા.માટે આ રાજકીય પક્ષની વિચારધારા અને નીતિઓનો શંભુમેળો સમજવો જરૂરી છે.

૬૦ વર્ષોમાં ડેવલપમેન્ટ થયું જ નથી. જાણે રસ્તાઓ અને મોટા એરપોર્ટ કે હોસ્પિટલ વગર સિમેન્ટ સ્ટીલ કે લાંબા પ્લાનિંગ વગર થતું હોય. ચંદ્રપર જવા કે સેટેલાઈટ ટેક્નોલી બનાવવા વિસ થી ત્રીસ વર્ષોની મેહનત ને પૈસા થાય છે. મોટી કોલેજો અને સરકારી હોસ્પિટલ પણ બનાવતા વર્ષો લાગે છે. હવે તો બીજા પૈસા નાખે અને સરકાર તેમને પાણીનેભાવે લોન આપે પછી ઉઢગાર્ટન કરી ફોટા પડાવી ડેવલપમેન્ટ હેવડાવના દિવસો આવી ગયા છે.

પછી આઝાદી પછી ૬૦ વર્ષોમાં કશું થયુ નથી અને પાછળ ૭ વર્ષોમાં ભયાનક બેકારી, ભાવ વધારો અને સરકારી સેવાનું વેચાણ મંજુર લાગે છે. આજે લોકસભા, ન્યાયવ્યવસ્થા, બેર્કિંગ અને પોલીસ વિભાગ બધુજ રાજકીય બ્રષ્ટાચાથી ભરપૂર થઇ ગયું છે તે નથી દેખાતું અને ડેવલપમેન્ટ થયી રહ્યો છે ના નામે કેટલાક કોમના નેતાઓ જેમને ચૂંટણીમાં સેફ સીટ જોઈએ છે તેમને હવે જ્ઞાતિ અને ધર્મી એકતા ની જરૂર પડીની વાતો કરતા થી જાય છે. સામાન્ય જાણતાએ એ પૂછવાનું કે શું આ મોગ્વારી અને બેકારી માં આ ખાનગી કારણ થયેલી સેવાઓ મારાથી ખરીદી શકાશે ? મારા છોકરીને પ્રાયવેટમાં મોકલવા પોશા શે? મારી માં, બહેન, બાપુ કે બૈરીને શારીરિક સેવાની જરીરુર હશે તો મને તે પર્યવેટ ફી પોસાસે કે મરે પેંશન કે એફડી તોડવી પડશે? ?




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No :- 0038**

વિષય :-યાદગાર પ્રવાસ
વિભાગ :-પદ્ય
શીર્ષક :- પ્રવાસ

એક યાદગાર પ્રવાસ યાદ રહી ગયો,
મા સાથે ચાલતા ચાલતા, રાહ ખતમ થયો,
યાદગાર પ્રવાસ મા સાથે પૂરો થયો.
જીવનનાં સુંદર બગીચે કર્યો વિશ્રામ ,
એ બગીચો હવે વેરાન થયો,
યાદગાર પ્રવાસ મા સાથે પૂરો થયો.
માની મમતાની છાયામાં મુકામ મળ્યો,
એનો વ્હાલભર્યો હાથ શિરે રહ્યો,
યાદગાર પ્રવાસ મા સાથે પૂરો થયો.
મા ની રસોઈનો સ્વાદ રહી ગયો,
બેટા,
કહી જમાડતી એ ટહુકો શાંત થયો,
યાદગાર પ્રવાસ મા સાથે પૂરો થયો.
તસવીર બની મા એ ભીંતે મુકામ લીધો
કાળજે વ્હાલ ભર્યો સાદ રહી ગયો,
યાદગાર પ્રવાસ મા સાથે પૂરો થયો.

શીલાપટેલ "આકાંક્ષા"

---

**N.O.G. S.S. No 0102.**

વિષય. :-કુદરત સંગે યાત્રા પ્રવાસ
પ્રકાર.:- ગદ્ય.
શીર્ષક.:- મારો દક્ષિણ ભારતનો પ્રવાસ

મારા જીવનમાં મને છ એક વખત દક્ષિણ ભારતનો પ્રવાસ કરવાનો મોકો મળ્યો છે.

આ મારો પ્રવાસ કુદરત સાથે નો જાણે સાક્ષાત્કાર હોય તેઓ રમ્ય હતો. મુંબઈથી કોંકણ રેલવે અને ત્યાર પછી મલબાર કિનારાનો પ્રવાસ. પશ્ચિમ અને પૂર્વ ઘાટના પહાડો ,આકાશની સાથે વાતો કરતાં અને પર્વતને આલિંગન દેતા કાળાડિબાંગ વાદળો ,ચારે બાજુ નારીયેલ, સોપારી , ફણશ, કેળાં અને અનેક જાતના ફળ ફળાદી ના લચી પડેલા વૃક્ષો, રંગબેરંગીફૂલો ,જાયફળ ,મરી ,તજ ,એલચીનાઅને તેજાનાથી લચી પડતી સુગંધથી મઘમઘતી વાડીઓ. સાથે સાથે જંગલોમાં પંખીઓના કલરવ પ્રાણીઓના અવાજો અને સાંજે આથમતો સૂર્ય રાત્રીનો ચંદ્ર આ બધા કુદરતી દ્રશ્યો મનને આહલાદક કરી દેતા હોય છે. વરસાદ પડે ત્યારે જાણે માથે કાંકરા વાગતા હોય.કેરાલા,તામિલનાડુ ,આંધ્રપ્રદેશ ,ઓરિસ્સા ,આ બધા રાજ્યોનું કુદરતી સૌંદર્ય મનને ભરી દે તેવા છે.

ત્રિવેન્દ્રમમાં એશિયાનો સૌથી મોટો કોવાલમ બીચ ત્રિવેન્દ્રમમાં ભગવાન પદ્મનાભમ નું મંદિર. તેની ભવ્ય કોતરણી .તેમાં સોનાનો શણગાર કેટલી ભવ્યતા પથ્થરના થાંભલાને રૂપિયાથી વગાડો તો સારેગમપધનિ ના સ્વર નીકળે તેવું સુંદર શિલ્પકામ. દુનિયાનું આ સમૃદ્ધ મંદિર કહી શકાય.

કોચીન ,અર્નાકુલમ ,કન્યાકુમારી ,આ પણ સુંદર સ્થળ છે કન્યાકુમારીમાં માતા પાર્વતીનું મંદિર, વિવેકાનંદ મેમોરિયલ ,ગાંધી સ્મૃતિ ,વગેરે સુંદર સ્થળો છે. પુનમને દિવસે સૂર્ય ડુબે અને ચંદ્ર ઊગે આ બંને એકી સાથે થતી કુદરતી ઘટના જોવી એ એક અનેરો લ્હાવો છે .આથમતો સૂરજ દરિયા ઉપર જાણે કે સોનાનો ઢોળ ચડાવેલો હોય, અને ઉગતો ચંદ્ર એ જાણે ચાંદીનો ઢોળ ચડાવેલ હોય તેવું દરિયાનું દ્રશ્ય. અરબી સમુદ્ર હિન્દીમહાસાગર અને બંગાળના ઉપસાગરનું આ સંગમ સ્થળ. ત્રણેની રેતીનો રંગ જુદો.

આગળ જતા રામેશ્વર ભગવાન રામચંદ્રજી ની યાદી .અદભુત મંદિર સુંદર દરિયાકિનારો તેનાથી પછી ઉપર જતા શ્રીપુરમ સુવર્ણ મંદિર અને તિરુપતિ બાલાજી નું પ્રખ્યાત મંદિર .આ પણ સૌંદર્યના અને કલાકૃતિના અગત્યના કેન્દ્રો કહી શકાય કેવી મંદિરોની ભવ્યતા હજારો વર્ષો પહેલા આ મંદિર કેવી રીતે બાંધ્યા હશે તેની કલ્પના જ કરવી રહી .

દરિયા કિનારો બેકવોટર્સ તેમાં રહેલી બોટોમાં હોટલ જેવી રહેવા માટેની સુંદર વ્યવસ્થા અને કુદરતી સૌંદર્યથી ભરપુર નજારો.આંધ્રપ્રદેશ અને તામિલનાડુ કેરેલાના પ્રદેશ એ મનને મોહી લેતા અને આનંદ આપતા પ્રદેશો છે. જેની મુલાકાત કરી અને જીંદગીનો આનંદનો લહાવો જરૂર લેવો જોઈએ.

રતીલાલ વાયડા. નવી મુંબઈ.

---

**NOG SS NO:0025**

પ્રકાર : પદ્ય
શબ્દો:30
વિષય:મારો પ્રવાસ
શીર્ષક: પ્રવાસ

મહી! હું રાહદારી છું ક્ષણનો,
હળવા- મળવાને ફરવા,
થોડા સમે વિસામો લેવા,
મલપતો- હરકતો,
આવ્યો ધરણીએ હું,
કરવા પ્રવાસ.

કવિ'સુજ્ઞ'– ભૂમિત પિઠડિયા(દરજી) માંડવી કચ્છ

## ૪ ડિસેમ્બર, “ઇન્ડિયન નેવી ડે”



ઈન્ડિયન નેવી ડે એટલે કે ભારતીય નૌસેના દિવસ દર વર્ષે ૪ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. આ દિવસ મુખ્યત્વે વર્ષ ૧૯૭૧નાં ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભારતીય નૌસેના (Indian Navy)ની જીતના રૂપમાં ઉજવવામાં આવે છે. એ સમયે ભારતીય નૌકાદળે પ્રથમ વખત એન્ટીશીપ મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. ભારતમાં નૌસેનાની સ્થાપના પેહલીવાર ૧૬૧૨માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાના જહાજોની સુરક્ષા માટે કરી હતી. સમયની સાથે વહીવટી પ્રક્રિયા અને જવાબદારીઓ બદલાતી ગઈ ત્યારબાદ તે સંપૂર્ણપણે ભારતીય બની. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના માધ્યમથી અંગ્રેજો જયારે ભારતમાં આવ્યા ત્યારે તેમને પણ પોતાના જહાજોની ચિંતા હતી અને એટલે જ પોતાનાં જહાજોની સુરક્ષા માટે જ તેમણે ખાસ કરીને નૌસેનાનું ગઠન કર્યું હતું પછીથી તેને ‘‘રોયલ ઈન્ડિયન નૌસેના’’ આપવામાં આવ્યું હતું. ભારતની આઝાદી પછી ૧૯૫૦માં નૌસેનાની ફરીથી રચના કરવામાં આવી. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ભારત ગણતંત્ર બન્યુ અને આ દિવસે ભારતીય નૌસેનાએ પોતાના નામમાંથી ‘રોયલ‘નો ત્યાગ કર્યો. એ સમયે ભારતીય નૌસેનામાં લગભગ ૧૧૦૦૦ અધિકારી અને નૌસૈનિક હતા.૨૦૧૫નાં એક સર્વે અનુસાર ભારતીય નૌસેના વિશ્વની પાંચમાં નંબર પર આવતી નૌસેના હતી. આજે જયારે દેશમાં સૌ શાંતિનો શ્વાસ લઈને ગમે ત્યાં હરી ફરી શકે છે, શાંતિપૂર્ણ રીતે ઉત્તમ જીવનશૈલી ભોગવાનો આનંદ માણી શકે છે તો ફક્ત દેશનાં સૈનિકોનાં ત્યાગ અને બલીદાનથી જ શક્ય બન્યું છે. તેમનાં ત્યાગને શત શત નમન કરવા જ રહ્યા.

- મિત્તલ ખેતાણી

## સંસદમાં પક્ષ-વિપક્ષના દેખાવો યથાવત, હોબાળાની વચ્ચે લોકસભામાં બે બિલ રજૂ થયા

નવીદિલ્હી,તા.૩

સંસદના શિયાળુસત્ર દરમિયાન વિપક્ષના ૧૨ સંસદોને સસ્પેન્ડ કરવા બાબતે વિપક્ષ ગાંધી પ્રતિમા પાસે દેખાવો કરી રહ્યો છે. એક તરફ વિપક્ષ સાંસદોના સસ્પેન્શનને પરત લેવાની માંગ કરી રહ્યું છે. બીજી તરફ ભાજપના રાજયસભાના સાંસદોએ વિપક્ષના સાંસદો પર સદનની કાર્યવાહીમાં મુશ્કેલી ઉત્પન્ન કરવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસ નેતા શશિ થરુરે ભાજપના સાંસદો દ્વારા કરવામાં આવી રહેલા દેખાવો પર શાબ્દિક પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ભાજપ સાંસદો અહીં આવીને અમારા ઘા પર મીઠું નાંખવાનું કામ કરી રહ્યાં છે. કારણવગર અમને ઉશ્કેરે છે. અમારા સહયોગી સાથીઓને ખોટી રીતે સંસદમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તે પણ એ પાર્ટી દ્વારા જેણે સંસ્થાગત વિક્ષેપ કર્યો છે.

શિયાળુ સત્રમાં પક્ષ અને વિપક્ષની વચ્ચે ચાલી રહેલા હંગામાની વચ્ચે શુક્રવારે બિલ રજૂ કરવામાં આવ્યા. કેન્દ્ર સરકાર તરફથી કેન્દ્રીય સતર્કતા આયોગ(સંશાધન) બિલ, ૨૦૨૧ અને દિલ્હી વિશેષ પોલીસ સ્થાપના(સંશોધન) બિલ, ૨૦૨૧ને લોકસભામાં રજૂ કરવામાં આવ્યું.૧૨ સાંસદોના સસ્પેન્શન પર દેખાવો કરી રહેલા વિપક્ષ પર ભાજપ સાંસદોએ નિશાન સાધ્યું છે. શુક્રવારે રાજયસભાના સાંસદોએ ગાંધી પ્રતિમાની પાસે વિપક્ષની વિરુદ્ધ દેખાવો કર્યા. આ દરમિયાન ભાજપ સાંસદ મોનસૂન સત્રમાં સંસદમાં થયેલા હંગામાને લગતા પોસ્ટરો લઈને વિરોધ કરતા જોવા મળ્યા.

સંસદના શિયાળુ સત્રના ચોથા દિવસે પણ વિપક્ષના દેખાવો ચાલુ જ છે. સંસદના બંને સદનો લોકસભા અને રાજયસભામાં વિપક્ષો ૧૨ સાંસદોનું સસ્પેન્શન પરત લેવાની માંગ કરી રહ્યાં છે. જોકે સભાપતિનું કહેવું છે કે માંફી માંગ્યા પછી સસ્પેન્શન અંગે વિચાર કરવામાં આવી શકે છે. હંગામાની વચ્ચે સદનની કાર્યવાહી વારંવાર સ્થગિત થઈ રહી છે.

કોંગ્રેસ સાંસદ મણિકમ ટૈગોરે શુક્રવારે સંસદના શિયાળુ સત્ર દરમિયાન લોકસભામાં ચર્ચા માટે પ્રસ્તાવ રજૂ કર્યો છે. તેમણે લખીમપુરમાં ખરાબ રીતે કરાયેલી ખેડૂતોની હત્યા પર ચર્ચાની માંગ કરી છે, જેથી સરકાર દોષિતો સામે કાર્યવાહીના આદેશ આપી શકે અને ગૃહ રાજયમંત્રી પાસે રાજીનામુ માંગવામાં આવે.

## મહારાષ્ટ્રમાં ઓમિક્રોન શંકાસ્પદનો આંક ૨૮ થયો, દિલ્હીની હોસ્પિટલમાં ૧૨ શંકાસ્પદને દાખલ કરાયા




નવીદિલ્હી,તા.૩

ઈન્ટરનેશનલ ફ્લાઈટથી મુંબઈ પરત આવેલા ૯ વિદેશી નાગરિકો સહિત ૧૦ લોકોનો કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ મહારાષ્ટ્રમાં ઓમિક્રોનના શંકાસ્પદ કેસનો આંક વધીને ૨૮ થઈ ગયો છે. આ બધા લોકો ૧૦ નવેમ્બરથી ૨ ડિસેમ્બરની વચ્ચે મુંબઈ એરપોર્ટ પહોંચ્યા હતા.રિપોર્ટ મુજબ શુક્રવારે દિલ્હીના લોક નાયક જય પ્રકાશ નારાયણ હોસ્પિટલમાં ઓમિક્રોન વેરિયન્ટના ૧૨ શંકાસ્પદ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના આરોગ્ય મંત્રી રાજેશ ટોપે જણાવ્યુ હતું કે કોરોના પોઝિટિવ મળી આવેલા ૨૮ લોકોના સેમ્પલ જીનોમ સિક્વેંસિંગ માટે મોકલવામાં આવ્યા છે.રાજેશ ટોપે વધુમાં જણાવ્યુ હતું કે રાજ્ય સરકાર દ્વારા રાજયમાં વેક્સિન બાબતે મોટો નિર્ણય લેવામાં આવી શકે છે. ૧૦ થી ૩૦ નવેમ્બરની વચ્ચે ૨૮૬૮ મુસાફરો મુંબઈમાં આવ્યા હતા. તેમાંથી ૪૮૫ મુસાફરોની તપાસ કરવામાં આવી છે. તેમાં ૯ લોકો પોઝિટિવ મળ્યા હતા. આગામી બે દિવસમાં બાકી મુસાફરોના રિપોર્ટ પણ આવી જશે.

દેશમાં ઓમિક્રોનના ભય વચ્ચે મધ્યપ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકની અંદર કોરોનાના ૧૫ નવા કેસ સામે આવ્યા છે. તેમાં ભોપાલમાં સૌથી વધુ ૮ પોઝિટિવ મળી આવ્યા છે. સત્તા છઠ્ઠા દિવસે ભોપાલ મધ્યપ્રદેશમાં નવા કેસ બાબતે પ્રથમ નંબર પર રહ્યું છે. છેલ્લા ૬ દિવસમાં મધ્યપ્રદેશમાં કુલ ૮૮ કેસમાંથી ભોપાલમાં જ ૫૪ કેસ સામે આવ્યા છે. એટલે કે ૬૦% કેસ માત્ર ભોપાલમાં જ મળી રહ્યા છે. જ્યારે બીજા નંબર પર ઈન્દોર છે. ઈન્દોરમાં છેલ્લા ૬ દિવસમાં ૨૨ કેસ નોંધાયા છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહે પણ કોરોનાના વધતાં કેસ બાબતે ચિંતા વ્યક્ત કરી છે.

આંધ્રપ્રદેશની સરકાર વિદેશથી પરત આવેલા ૬૦ લોકોમાથી ૩૦ લોકોને શોધી રહી છે. ઓમિક્રોન વેરિયન્ટના જોખમને ધ્યાનમાં લેતા સરકારે આ લોકોના ટેસ્ટ કરાવવાનો છે. આફ્રિકાથી આવેલા ૯ લોકો મળીને લગભગ ૬૦ મુસાફરો છેલ્લા ૧૦ દિવસમાં વિશાખાપટ્ટનમ પહોંચ્યા છે. તેમાથી ૩૦ લોકો હજી વિશાખાપટ્ટનમમાં જ રોકાયા છે, જ્યારે બાકોના ૩૦ રાજ્યના જુદા જુદા વિસ્તારમાં જવા માટે નીકળી ગયા છે. તેમાથી કેટલાક લોકો ફોન કૉલનો જવાબ પણ આપી રહ્યા નથી, જે બાબતે અધિકારીઓને તેઓ ગુમ થયા હોવાનો ડર સતાવી રહ્યો છે.

કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટની ભારતમાં એન્ટ્રી થઈ ચૂકી છે. કર્ણાટકમાં ગુરુવારે ઓમિક્રોનના બે કેસ સામે આવ્યા હતા. આ તરફ રાજસ્થાનમાં પણ ચિંતામાં વધારો થઈ રહ્યો છે. રાજસ્થાનમાં ૭ દિવસ પહેલાં દક્ષિણ આફ્રિકાથી જયપુર આવેલા એક પરિવારના ૪ સભ્ય પોઝિટિવ આવ્યા છે. તેમાં દંપતી સહિત તેમની બે બાળકી (૮ અને ૧૫ વર્ષ) પોઝિટિવ મળી આવી છે. તમામને ઓમિક્રોનથી શંકાસ્પદ માનીને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. તેમનાં સેમ્પલ જીનોમ સિક્વેસિંગ માટે મોકલવામાં આવ્યાં છે.ચિંતાની વાત તે છે કે ૨૫ નવેમ્બરે દક્ષિણ આફ્રિકાથી પરત ફરેલો આ પરિવારે જયપુરમાં ૧૨ સબંધીઓ સાથે મુલાકાત કરી હતી. તેમાંથી ૫ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. તેમાંથી એક ૧૬ વર્ષનો કિશોર પણ છે. હાલ તો બધાને ઓમિક્રોનના શંકાસ્પદ કેસ માનીને બધાને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. બધાના સેમ્પલ જીનીમ સિકવેંસિંગ માટે મોકલી દેવામાં આવ્યા છે. જો એક બાળકને બાદ કરતાં બધાએ વેક્સિનના બંને ડોઝ લઈ લીધા છે.

બેંગલુરુમાં જે ૪૬ વર્ષના જે ડોક્ટર કોરોના વાઈરસના ઓમિક્રોન વેરિયન્ટ પોઝિટિવ છે, તેમની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. તેના સંપર્કમાં આવેલા પાંચ વ્યક્તિ પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. આ કેસે માત્ર રાજયમાં જ નહીં, દેશમાં પણ ચિંતા વધારી છે, કારણ કે કેસ સ્થાનિક વ્યક્તિનો છે.

## ૬ ડિસેમ્બરે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે

નવીદિલ્હી,તા.૩

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ૬ ડિસેમ્બરે ભારત પ્રવાસે આવી રહ્યા છે. એક દિવસના આ પ્રવાસ દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ કાર્યક્રમમાં વ્યસ્ત રહેશે. આ દરમિયાન તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત કરશે. આ ઉપરાંત ૨ ૨ સમિટનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેમાં ભારત અને રશિયાના વિદેશ અને રક્ષા મંત્રીનો સાથે બંને દેશોના ઉચ્ચ અધિકારી પણ હાજર રહેશે. વિદેશ મંત્રાલયના પ્રવકતા અરિંદમ બાગચીએ ગુરુવારે પુતિનના ભારત પ્રવાસની પુષ્ટિ કરી હતી. ભારત અને રશિયાની વચ્ચે આ ૨૧મી સમિટ હશે. આ દરમિયાન ક્ષેત્રિય મુદ્દાઓની સાથે પરસ્પર અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે. માનવામાં આવી રહ્યું છે કે આ દરમિયાન અફઘાનિસ્તાન મુદ્દે પણ ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત કોરોના બાબતે સહયોગ પર પણ વાતચીત થશે. આ એટલા માટે પણ મહત્વનુ છે કે હાલમાં જ દક્ષિણ આફ્રિકામાં કોરોનાનો નવો વેરિયન્ટ મળી આવ્યો છે. ગુરુવારે ભારતમાં પણ ઓમિક્રોન વેરિયન્ટથી ૨ લોકો સંક્રમિત મળી આવ્યા હતા. આ સમિટ માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

બાગચીના જણાવ્યા મુજબ, ૬ ડિસેમ્બરના રોજ રક્ષા મંત્રી રાજનાથ સિંહ સાથે રશિયાના ડિફેન્સ મિનિસ્ટર સર્ગેઇ સોયગ્યુ મુલાકાત કરશે. આ દરમિયાન બંને દેશોની વચ્ચે મિલીટરી-ટેકનિકલ કોઓપરેશન મુદ્દે વાતચીત થશે. ત્યારબાદ વિદેશ મંત્રી એસ જયશંકર રશિયાના વિદેશ મંત્રી સર્ગેઇ લાવરોવ સાથે વાતચીત કરશે. બાગચીએ વધુમાં કહ્યું કે આ સમિટ દરમિયાન બંને દેશોના પરસ્પર સંબંધો મજબૂત કરવા મુદ્દે પણ વાતચીત થશે.

પહેલા બંને દેશોના રક્ષા મંત્રી અને વિદેશ મંત્રી મળશે. ત્યારબાદ ભારત અને રશિયાની વચ્ચે સત્તાવાર ટીતે ૨ ૨ સમિટ યોજાશે. આ સમિટમાં પણ બંને દેશોના રક્ષા અને વિદેશ મંત્રી સામેલ થશે. ત્યારબાદ ડેલિગેશન સ્તરની વાતચીત થશે. આ વાતચીતમાં પરસ્પર સંબંધો ઉપરાંત ક્ષેત્રિય મુદ્દાઓ અને આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમ બાબતે પણ વિચાર કરવામાં આવશે. આ બેઠક બાદ વડાપ્રધાન મોદી અને પુતિન વચ્ચે વાતચીત થશે.

## જામનગર બાદ રાજકોટમાં ઓમિક્રોનના બે શંકાસ્પદ દર્દી આવ્યા

રાજકોટ,તા.૩

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનને લઇને સમગ્ર વિશ્વમાં હાહાકાર મચેલો છે, ત્યારે ભારતમાં ૨૪ કલાકમાં બે ઓમિક્રોન કેસની પુષ્ટિ થઇ છે. બંને કેસ કર્ણાટકના છે. હવે ગુજરાતમાંથી એક પછી એક ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. ગઈકાલે જામનગર બાદ આજે રાજકોટમાં ઓમિક્રોન વાયરસના કેસ આવવાની આશંકા ઉઠી છે. દક્ષિણ આફ્રિકાથી આવેલા બે લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હાલ બંને લોકોના સેમ્પલ પુના મોકલવામાં આવ્યા છે. પુનાની લેબોરેટરીમાં તપાસ બાદ વાયરસના વેરિયન્ટની સ્પષ્ટતા થશે. હાલ બંને પોઝિટિવ દર્દીઓને આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

રાજકોટના શંકાસ્પદ દર્દી વિશે કલેક્ટર અરુણ મહેશ બાબુએ જણાવ્યું કે, સેમ્પલ પુના મોકલવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટરે મેડિકલ કોલેજના અધિકારીઓ સાથે વાત કરી છે. આ મામલે તમામ પગલા લેવાશે. ગઈકાલે જામનગર નજીક મોરકડાં ગામના એક વ્યક્તિમાં કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમિક્રોનનો પ્રથમ શંકાસ્પદ કેસ સામે આવતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે. મોરકડાં ગામના વ્યક્તિની ટ્રાવેલ હિસ્ટ્રી આફ્રિકાથી આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ વ્યક્તિને હાલ આઈસોલેટ કરવામાં આવ્યો છે. આઈસોલેટ કરાયેલ પુરુષને ઓમિક્રોનનો વાયરસ છે કે નહી તે માટે આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા છે. સેમ્પલ પુણેની લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે અને રિપોર્ટ ન આવે ત્યાં સુધી આફ્રિકાથી આવેલ વ્યક્તિને આઈસોલેટ રાખવામાં આવશે.

કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનથી ફરી એકવાર દુનિયાભરમાં ચિંતા ફેલાઈ ગઈ છે. ખાસ કરીને ભારત સરકારે સાવચેતીના ભાગરૂપે ગાઈડલાઈન જાહેર કરી દીધી છે. બીજી તરફ સાઉથ આફ્રિકામાં લોકડાઉન લગાવી દેવાયું છે. માટે મજબૂર થઈ ગયા છે. પણ ઓમિક્રોન વાયરસનો સૌથી વધુ પ્રકોપ સાઉથ આફ્રિકામાં ફેલાયો છે.

## નોર્વેના પાટનગર ઓસ્લોમાં ઓમિક્રોનના ૫૦ કેસ

ઓસ્લો, તા.૦૩

દુનિયાભરમાં નવા નિયંત્રણો લાગુ પાડવામાં આવી રહ્યા છે પણ યુરોપમાં નેતાઓને ભારે તકલીફ પડી રહી છે કેમ કે સામૂહિક રસીકરણને પગલે કોરોના મહામારીનો અંત આવી જશે તેવી તેમની ધારણાં ખોટી પડી છે. જેને પગલે લોકોને નિયંત્રણો સ્વીકારવા માટે રાજી કરવા એ મુશ્કેલ કામ બની રહ્યું છે. નેધરલેન્ડમાં પાંચ વાગે લોકડાઉન જાહેર થવાને પગલે લોકો હિંસા પર ઉતરી આવ્યા હતા. બીજી તરફ સ્લોવાકિયાએ દંડને બદલે પુરસ્કાર આપવાનો અભિગમ અપનાવ્યો છે. સ્લોવાકિયાની સરકારે ૬૦ વર્ષ કરતાં વધારે વયના લોકો કોરોનાની રસી મુકાવે તો તેમને ૫૦૦ યુરોનું બોનસ આપવાની જાહેરાત કરી છે.કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોને નોર્વેના પાટનગર ઓસ્લોમાં કાળો કેર વર્તાવ્યો છે. ઓસ્લોના એક રેસ્ટોરાંમાં એક નોર્વેજિયન કંપનીની ક્રિસમસ પાર્ટી દ્વારા ઓમિક્રોનનો ચેપ મોટાપાયે ફેલાવાને પગલે ઓસ્લોમાં ઓમિક્રોન વેરિઅન્ટના ૫૦ કરતાં વધારે કેસો નોંધાયા છે અને હજી વધારે કેસો નોંધાવાની ધારણા હોવાનું ઓસ્લોની મ્યુનિસિપાલિટીએ જણાવ્યું હતું. નોર્વેજિયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક હેલ્થ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જે લોકોને ચેપ લાગ્યા છે તેઓ ઓસ્લો અને આસપાસના વિસ્તારોમાં આવેલી મ્યુનિસિપાલિટીઓની હદમાં રહે છે. ઓસ્લોની ચેપ શોધક ટીમે સબંધિત મ્યુનિસિપાલિટીઓનો સંપર્ક કરીને તેમને ચેપના ફેલાવા અંગે તપાસ શરૂ કરવા જણાવ્યું છે. નોર્વેમાં સોમવારે ઓમિક્રોનના પ્રથમ બે કેસ નોંધાયા હતા. હાલ નોર્વેમાં કુલ ૫૦ કરતાં વધારે ઓમિક્રોનના કેસો નોંધાયા છે. બીજી તરફ યુએસમાં પણ ઓમિક્રોનનો પહેલો કેસ કેલિફોર્નિયામાં નોંધાયો હતો. ડો. એન્થોની ફોચીએ જણાવ્યું હતું કે અમે જાણતાં હતા કે ઓમિક્રોનનો યુએસમાં પહેલો કેસ ગમે ત્યારે નોંધાઈ શકે છે. જે વ્યક્તિને ઓમિક્રોનનો ચેપ લાગ્યો છે તે ૨૨ નવેમ્બરે દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યો હતો. તેને કોરોનાના હળવા લક્ષણો જણાતાં તેનો ટેસ્ટ કરવામાં આવતાં તે પોઝિટિવ આવ્યો હતો. સાન ફ્રાન્સસિકોમાં આવેલી કેલિફોર્નિયા યુનિવર્સિટીના સંશોધકોએ મંગળવારે સાંજે દર્દીના ચેપનો નમૂનો મેળવીને આખી રાત તેની જેનેટિક સિકવન્સ સ્થાપિત



કરી હતી. સંશોધકોએ જણાવ્યું હતું કે આ વ્યક્તિએ મોડર્નાની કોરોનાની રસીના બંને ડોઝ લીધેલા છે પણ બૂસ્ટર ડોઝ માટે સમય પાક્યો નથી. ફોચીએ જણાવ્યુ હતું કે લોકોએ બૂસ્ટર ડોઝ સમયસર લઇ લેવો જોઇએ. એમ માનવું વાજબી છે કે કોરોનાની રસી ઓમિક્રોન વેરિઅન્ટ સામે રક્ષણ પુરૂ પાડી શકે તેમ છે.

હાલ આ દર્દીને ક્વોરન્ટાઇનમાં રાખવામાં આવ્યો છે. તેના સંપર્કમાં આવેલા તમામ લોકોના ટેસ્ટ નેગેટિવ આવ્યા છે. દરમ્યાન નાતાલના તહેવાર પહેલાં જ દુનિયાભરની સરકારોએ ઓમિક્રોનના આગમનને પગલે ફરી લોકોમાં અપ્રિય કોરોના નિયંત્રણો ફરી લાદવાની શરૂઆત કરતાં લોકો વીફર્યા છે. જાપાને ઈન્ટરનેશનલ ફ્લાઈટ બુકિંગના રિઝર્વેશનને બંધ કરવાના આદેશને ચોતરફથી ટીકા થવાને પગલે પાછો ખેંચ્યો છે.

## ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ડો.કે.લક્ષ્મણજીની અધ્યક્ષતામાં કાર્યકારણી બેઠકને લઈ પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

**આજથી ત્રણ દિવસ ૩,૪,૫ ડિસેમ્બરના રોજ ઓબીસી મોરચાની કાર્યકારણી બેઠક સ્ટેચ્યુ ઓફ યુનિટી ,કેવડિયા ખાતે યોજાનાર છે.**



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજથી ત્રણ દિવસ ઓબીસી મોરચાની રાષ્ટ્રીય કાર્યકારણી બેઠક ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ડો.કે.લક્ષ્મણજીના અધ્યક્ષ સ્થાને સ્ટેચ્યુ ઓફ યુનિટી ,કેવડિયા ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમ સંદર્ભે આજ રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ડો.કે.લક્ષ્મણજીની અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. પ્રેસ મીડિયાને સંબોધન કરતા ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ડો.કે.લક્ષ્મણજીએ જણાવ્યું કે, ઓબીસી મોરચાની પહેલી બેઠક સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે રાખવામાં આવી છે. આ બેઠક ઐતિહાસિક અને મહત્વપુર્ણ રહેશે. ઓબીસી મોરચાની કાર્યકારણી બેઠકનું આયોજન ગુજરાતમાં કેવિડયા ખાતે થવું એ આંનદની વાત છે કારણ કે કેવડિયાએ રાષ્ટ્રીય એકતાનું તિર્થ સ્થાન છે. દેશ ભકિતનું તિર્થ સ્થાન છે. આજે સરદાર પટેલજીની ગગન ચુંબી પ્રતિમા સમગ્ર દુનિયાને સંદેશો પાઠવે છે કે ભારતનું ભવિષ્ય ખુબ સારુ છે.

ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ડો.કે.લક્ષ્મણજીએ જણાવ્યું કે, સરદારભાઇ પટેલે દેશની એકતા,અંખડીતા રાખવામાં મહત્વનો ફાળો રહ્યો છે. તેલગંણામાં પણ સરદાર વલ્લભાઇ પટેલનું ખુબ મહત્વ છે. કારણ કે આઝાદી પછી ત્રણ રાજયો એક હૈદરાબાદ, જમ્મુ કાશ્મીર, જૂનાગઢ સરદાર વલ્લભભાઇ પટેલના કારણે ભારતમાં ભળ્યું છે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ડો.કે.લક્ષ્મણજીએ જણાવ્યું કે, ઓબીસી મોરચાની રાષ્ટ્રીય કાર્યકારણી બેઠક ૩,૪,૫ ડિસેમ્બરના રોજ યોજાનાર છે બેઠકમાં રાજકીય પ્રસ્તાવ રજુ કરવામાં આવશે, આગામી સમયમાં પાંચ રાજયોમાં આવનાર ચૂંટણીને લઈ ઓબીસી મોરચાની ભૂમિકા શું રહેશે અને આગામી કાર્યક્રમ અંગે ચર્ચા કરાશે. આઝાદીના અમૃત મહોત્સવ અંગે ઓબીસી મોરચાની કામગીરી અંગે ચર્ચા કાર્યકારણી બેઠકમાં કરવામાં આવશે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઓબીસી સમાજ માટે કરેલ મહત્વના નિર્ણયો અને સરકારની વિવિધ યોજનાઓ લોકો સુધી કેવી રીતે પહોંચે તે અંગે પણ ચર્ચા કરાશે. કોંગ્રેસની સરકારે ૬૦ વર્ષના શાસનમાં જે લાભો ઓબીસી સમાજને નથી આપ્યા તે લાભો આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સાત વર્ષના શાસનમાં આપવાના પ્રયાસો હાથ ધર્યા છે. આ પ્રેસ કોન્ફરન્સમાં ઓબીસી મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ઉદયભાઇ કાનગડ, ઓબીસી મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ડો.પાર્થ સારથી ઉપસ્થિત રહ્યા હતા.

### મૃત્યુ સામે જીવનની જીતનો આવો જ એક કિસ્સો

## અમદાવાદ સિવિલમાં દોઢ માસની બાળકીના માથા ઉપરથી બમણી સાઇઝની ગાંઠ સફળતાપૂર્વક દૂર કરાઈ



ભારતીય સંસ્કૃતિમાં કહેવાયું છે કે માણસનો જન્મ અને મૃત્યુ ઈશ્વરને આધિન હોય છે. જો માણસના ભાગ્યમાં જુદા જ લેખ લખાયા હોય તો મૃત્યુશૈયાએ પડેલો માણસ પણ પાછો ઊભો થઈ શકે છે. મૃત્યુ સામે જીવનની જીતનો આવો જ એક કિસ્સો તાજેતરમાં અમદાવાદ સિવિલના પીડિયાટ્રિક સર્જરી વિભાગમાં જોવા મળ્યો.

અરવલ્લી જિલ્લામાં ખેતીનો વ્યવસાય કરતા દિલીપભાઈ બારિયા અને ભાવનાબહેન બારિયાને ૧૦ ઓક્ટોબર, ૨૦૨૧એ કન્યારત્નના રૂપમાં બીજા સંતાનની ભેટ પરમાત્માએ આપી, જેના માથામાં જન્મજાત ગાંઠ હતી. આ દિકરીને નવેમ્બર મધ્યમાં માથાની ગાંઠ સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. બાળકીની હાલત ગંભીર હોવાનું જાણીને તેના પરિવારજનોએ વધુ સારવારનો ઈનકાર કર્યો અને ઘરે પરત ચાલ્યા ગયાં. જોકે બાળકીના નસીબ જોર કરતા હતાં, જે બાળકીના મૃત્યુની ઘડીઓ ગણાઈ રહી હતી, તે બાળકીનો જિંદગી માટેનો જંગ જારી રહ્યો, તેના મસ્તકના ભાગે સોજા વધવા લાગ્યા. પરિવારજનો ફરી એકવાર આ બાળકીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ આવ્યાં. અહીંથી ખરાખરીનો જંગ શરૂ થયો.

માથાની આ ગાંઠ એ કુમળી બાળકીના માથાની તુલનાએ લગભગ બમણી સાઇઝની હતી. એનું સર્કમફેરન્સ જ લગભગ ૬૫ સેન્ટિમિટરનું હતું.

ડોક્ટર્સે બાળકીને સારવાર માટે દાખલ કરીને સિટી સ્કેન કરાવ્યો તો ખબર પડી કે બાળકીને એનકેફેલોસીલ નામની સમસ્યા હતી. બાળકીની સર્જરી પ્લાન કરવામાં આવી. બાળકીને એનેસ્થેસિયા આપવા માટે એસોસિએટ પ્રોફેસર ડૉ. તૃપ્તિ શાહના નેતૃત્વ હેઠળની ટીમ હાજર હતી, જ્યારે સર્જરીને સિવિલ હોસ્પિટલ અમદાવાદના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ, પીડિયાટ્રિક્સ સર્જરી વિભાગના પ્રોફેસર અને વિભાગના વડા ડો. રાકેશ જોશીના માર્ગદર્શન હેઠળ આસિ. પ્રોફેસર ડૉ. મહેશ વાઘેલાએ સંપન્ન કરી હતી.

આટલી ઓછી વયની બાળકીમાં આવડી મોટી ગાંઠની સર્જરી કરીને સફળતા પૂર્વક સમગ્ર શસ્ત્રક્રિયા પાર પાડવી એ દેખીતી રીતે જ એનેસ્થેસિયા ટીમથી લઈને ઉપસ્થિત તમામ તબીબો માટે એક ભીષણ ટાસ્ક હતું, કેમકે આવા કિસ્સામાં ખૂબ ઝીણું કાંતવું પડે છે. ઘણી બધી બાબતોનો ખ્યાલ રાખવો પડે છે.

એનકેફેલોસીલ એ ન્યૂરલ ટ્યુબ ડિફેક્ટનો એક ભાગ છે. માથાથી લઈ પૂંઠ સુધી પાછળ કમરમાં કોઈ પણ જાતની ગાંઠ હોય કે જેમાં કરોડરજ્જુ અથવા મગજનો હિસ્સો બહાર આવતો હોય તો તેને તબીબી પરિભાષામાં ન્યૂરલ ટ્યુબ ડિફેક્ટ કહેવાય છે.

ન્યૂરલ ટ્યુબ ડિફેક્ટ અંગે આવશ્યક માહિતી આપતા સિવિલ હોસ્પિટલ અમદાવાદના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ, પીડિયાટ્રિક્સ સર્જરી વિભાગના પ્રોફેસર અને વિભાગના વડા ડો. રાકેશ જોશીએ કહ્યું કે સમગ્ર વિશ્વમાં વર્ષે ૩ લાખથી વધુ બાળકો ન્યૂરલ ટ્યૂબ ડિફેક્ટ સાથે જન્મે છે. આપણે ઈચ્છીએ, લોકોને જાગૃત કરીએ તો ન્યૂરલ ટ્યુબ ડિફેક્ટ સાથે જન્મતા બાળકોની સંખ્યા ખુબ ઘટી શકે છે. જો ગર્ભાવસ્થા રહ્યાના ત્રણ મહિના પહેલા માતાને ફોલિક એસિડની ગોળી આપવામાં આવે તો આવનાર બાળકને ન્યૂરલ ટ્યુબ ડિફેક્ટ થવાના ચાન્સ ઘણાં જ ઘટી જતા હોય છે.

ડૉ. જોશીએ વધુ જણાવ્યું કે તેમના વિભાગે નવેમ્બર ૨૦૨૦ થી લઈ નવેમ્બર ૨૦૨૧ સુધીમાં ન્યૂરલ ટ્યૂબ ડિફેક્ટના ૯૯ કેસ ઓપરેટ કર્યા છે. આ પૈકી એન્સેફેલોસીલના ૮ કેસ હતાં. જાયન્ટ એનકેફેલોસીલનો એક જ કેસ હતો.

હવે બાળકી સરળ રીતે રિકવર થઈ રહી છે અને તેના સ્વગૃહે પરત ફરી છે.

## મોડાસામાં ૨૦૦ બેડની સિવિલ હોસ્પીટલ માટે ૧૨૧ કરોડ અને ૬.૮૦ કરોડની આયુર્વેદિક હોસ્પીટલ માટે વહીવટી મંજરી અને નિર્માણ માટે તાકીદ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

વર્ષ-૨૦૧૮ માં અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં પ્રજાજનોને નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે જીલ્લા કલેકટર એમ.નાગરાજને ૪૫ કરોડના ખર્ચ ૧૫૦ કરોડની હોસ્પીટલ નિર્માણ માટે બાજકોટની સીમમાં ૨૦ એકર જમીનની ફાળવણી કર્યા પછી અગમ્ય કારણોસર જમીન ફાળવણી કર્યા પછી સિવિલ હોસ્પિટલ માટે મંજુર થયેલ જમીન આરોગ્ય તંત્રએ રદ કરી જીલ્લા સેવાસદન નજીક જમીન સંપાદન કર્યા પછી સિવિલ હોસ્પિટલનું કામ શરૂ ન થતા આખરે કોંગ્રેસે જીલ્લામાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ થાય તે માટે સતત આંદોલન કર્યા હતા આખરે કોંગ્રેસની મહેનતની રંગ લાવી હોય તેમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ૨૦૦ બેડની સિવિલ હોસ્પિટલ માટે ૧૨૧ કરોડ અને ૬૮૦ લાખની અદ્યતન આયુર્વેદિક હોસ્પિટલ માટે વહીવટી મંજૂરી આપી ટેન્ડર પ્રક્રિયા કરવા માટે સૂચના અપાતા જીલ્લાના પ્રજાજનોમાં આનંદ છવાયો છે

કોરોના સંક્રમણમાં સિવિલ હોસ્પિટલના અભાવે અનેક દર્દીઓએ દમ તોડી દીધો હતો અસંખ્ય લોકોએ મોંઘીદાટ સારવાર લેવાની ફરજ પડી હતી હાલ કોરોનાના એમીક્રોન વાયરસની દહેશત વચ્ચે અરવલ્લી જીલ્લામાં સિવિલ હોસ્પીટલ ઝડપથી નિર્માણ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વહીવટી મંજૂરી આપી ટેન્ડર પ્રક્રિયા હાથધરાવાના આદેશ કર્યા છે

## "હર ઘર દસ્તક" કાર્યક્રમ અંતર્ગત પ્રથમ ડોઝના ૬૩૧ લાભાર્થીઓને રસીકરણ હેઠળ આવરી લેવાયા

**અરવલ્લી જીલ્લામાં બીજા ડોઝના ૮૦,૭૦૪ લાભાર્થીઓનું કાઉન્સેલીંગ અને મોબીલાઈઝેશન કરી રસી અપાઈ**

માહિતી બ્યુરો,મોડાસા



અરવલ્લી જીલ્લામાં "હર ઘર દસ્તક" કાર્યક્રમ અંતર્ગત તા. ૦૩ નવેમ્બરથી કોવિડ-૧૯ રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી ડો.નરેન્દ્રકુમાર મીના તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવતિયાના માર્ગદર્શન હેઠળ કોવિડ-૧૯ રસીકરણના પ્રથમ ડોઝ અને બીજા ડોઝના બાકી રહેતા લાભાર્થીનું ઘરે જઇ રૂબરૂ મુલાકાત દ્વારા "હર ઘર દસ્તક" અંતર્ગત રસીકરણની કામગીરી સુનિશ્ચિત કરવામાં આવી હતી.

અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા "હર ઘર દસ્તક"કાર્યક્રમ અંતર્ગત જીલ્લામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.આર.જી.શ્રીમાળીની રાહબરી હેઠળ ૧૧૭ ટીમોએ ૭૪,૬૦૧ ઘરોની રૂબરૂ મુલાકાત દ્વારા તે ગામોના બાકી રહેલ પ્રથમ ડોઝના ૬૩૧ લાભાર્થીઓ અને બીજા ડોઝના ૮૦૭૦૪ લાભાર્થીઓનું કાઉન્સેલીંગ અને મોબીલાઈઝેશન કરી કોવિડ-૧૯ રસીના ડોઝ આપી રસીથી સુરક્ષિત કરાયા.

તેમજ જીલ્લામાં કોવિડ-૧૯ રસીકરણથી બાકી રહેતા તમામ ૧૮ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓનું રસીકરણ કરાવી કોવિડ-૧૯ થી રક્ષીત થાય તેવું વહીવટી તંત્રનું આહવાન છે.

### ગ્રેવા ફિલ્મ પ્રોડકશન દ્વારા વડોદરા ખાતે

## GCMA સ્પેશ્યલ એચીવમેન્ટ અવોર્ડ ૨૦૨૧ - ૨૦૨૨ અર્પણ કાર્યક્રમ યોજાશે

ગ્રેવા ફિલ્મ આયોજિત ગુજરાત સિને મિડિયા અવોર્ડ ૨૦૨૧ - ૨૦૨૨ માં સાહિત્યકાર, સામાજિક કાર્યકર અને વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વ્યક્તિ ઓને બિરદાવવા માટે નો કાર્યક્રમ વડોદરા ખાતે તારીખ ૩૦ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ સાંજે ૫ વાગ્યે ×હોટલ શિવમ પાર્ક ગાર્ડન રેસ્ટોરન્ટ કપુરાઇ ચોકડી ની બાજુમાં ગુજરાત ખાતે યોજાશે

આ પ્રકારનો કાર્યક્રમ છઠ્ઠી વખત સંસ્કારી નગરી વડોદરા ખાતે યોજાનાર છે, આ અવોર્ડ માટે પસંદગી પામેલ લોકો ને નીચે મુજબ નું સન્માન આપવામાં આવશે.

૧. રેગ્યુલર સન્માન ટ્રોફી

૨. ૧ ૧ કાર્યક્રમ સ્થળે એન્ટ્રી

૩. વ્યક્તિ ડીનર અને સન્માન પત્ર

૪. સંપુર્ણ વિગતો મેગેઝીન મા

૫. મિડિયા ઈન્ટરવ્યૂ પર્સનલ, અવોર્ડ કાર્યક્રમ ના ફોટા સાથે બીજું ઘણું બધું આ કાર્યક્રમ માં ગુજરાત નું ગૌરવ એવા સામાજિક કાર્યકર, હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક, ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ શ્રી ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ ગાંધી નગર ના ડાયરેક્ટર, અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડા ન્યુ દિલ્લી ના અધ્યક્ષ ગુજરાત પ્રદેશ ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા અધ્યક્ષ ઉમિયા ગૌ શાળા એવંમ ગુરુકુળ સંસ્થાન ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ગુજરાત ના ગૌરવ સમા ની આ અવોર્ડ માટે પસંદગી થઈ છે.

આ અવોર્ડ માટે ગાંધીનગર ના એડવોકેટ, સામાજિક કાર્યકર અને સાહિત્યકાર ની પસંદગી, તથા શ્રીમતી રેખાબેન રાવલ ભારતીય જનતા પાર્ટી ના મહિલા પાંખ ના અધ્યક્ષ, સામાજિક કાર્યકર ની પણ પસંદગી કરવામાં આવી છે. આ કાર્યક્રમ માં અતિથિ તરીકે પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી, સાહિત્યકાર શ્રી નૈષધ મકવાણા સાહેબ, સમતા એજ્યુકેશન ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી સામાજિક કાર્યકર શ્રી પૂનમચંદ પટેલ, બિલ્ડર

તથા ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ ગાંધી નગર ના પ્રમુખ શ્રી, સામાજિક કાર્યકર શ્રી રાધેશ્યામ ભાઇ યાદવ પસંદગી પામેલ લોકો ને સમ્માનિત કરશે

ડૉ ગુલાબચંદ પટેલ

## નવચેતન હાઈસ્કુલ પાલડીમાં નિવૃત્ત સન્માન સમારંભ યોજાયો



શ્રી દામુભાઈ શુક્લ મા. શાળા-પાલડી અમદાવાદમાં વય નિવૃત્તિને કારણે નિવૃત્ત થતા શિક્ષકશ્રી રમેશકુમાર જોષી અને સુરેશભાઈ પટેલને પુષ્પ ગુચ્છ અને સાલ ઓઢાડીને પ્રિન્સિપાલશ્રી ભાઈલાલભાઈ પટેલ સાહેબે સન્માન કરેલ સાથે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્ટાફ પરિવાર તરફથી ચાંદીનો સિક્કો અને ઘડિયાળ આપીને સન્માન કરેલ તેમજ ગયા વર્ષે નિવૃત્ત થયેલ શિક્ષકશ્રીઓ નો પણ સન્માન કરવામાં આવ્યું હતું

## ઉમિયા ગૌ શાળા એવંમ ગુરુકુળ સંસ્થાન ગાંધીનગરમાં રચાયું



ગાંધીનગર ખાતે ઉમિયા ગૌ શાળા એવંમ ગુરુકુળ સંસ્થાન ની રચના કરવામાં આવી છે. જેમાં અધ્યક્ષ તરીકે જાણીતા સામાજિક કાર્યકર અને સાહિત્યકાર શ્રી ડૉ ગુલાબચંદ પટેલ, મંત્રી તરીકે શ્રી રાધેશ્યામ ભાઇ પટેલ ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ ના પ્રમુખ, શ્રી સીતારામ ભાઇ પટેલ ઉપ પ્રમુખ તરીકે, ખચા નચી તરીકે શ્રી અમરત ભાઇ દેસાઇ, કા રોબારી સભ્ય તરીકે શ્રી કાંતિ ભાઇ પટેલ એડવોકેટ, શ્રી મહેન્દ્ર ભાઇ ચૌહાણ, શ્રી વિનોદ ભાઇ ઉદેચા, શ્રી ધર્મેશ ભાઇ પટેલ, શ્રી મહેશ ભાઇ આસોડિયા પત્રકાર તથા શ્રી યોગિતા બેન ત્રિવેદી નિમાયા છે.

આ સંસ્થા નો ઉદેશ ગૌ સેવા નો છે. ગૌ કાનૂન બનાવવા તેમજ ગૌ મંત્રાલય બનાવવા સરકાર પાસે માંગણી કરવી, ગૌ માતા ને ન્યાય અપાવવા તથા ગૌ માતા પર થતા અત્યાચાર બંધ થાય તે માટે કાર્ય કરવું, લોકો ગૌ દૂધ નો ઉપયોગ કરે તે માટે સાચી સમજ આપવી, સરકાર પાસે ગૌ શાળા માટે જમીન નિઃશુલ્ક ફાળવવા માંગણી કરવી વિગેરે ઉદેશ રહ્યા છે.

આ સંસ્થા તારીખ ૨૭ નવેમ્બર ૨૦૨૧ ના રોજ રજિસ્ટર નંબર એ ૯૧૨ થી ઉમિયા ગૌ શાળા અને ગુરુકુળ ટ્રસ્ટના નામે ચેરિટી કમિશ્નર કચેરીમાં સાર્વજનિક ટ્રસ્ટ ૧૯૫૦ મુંબઈ અધિનિયમ હેઠળ નોંધાયેલ છે.આ સંસ્થા ને સાથ સહકાર આપવા સૌ પ્રજાજાનો ને વિનંતી છે.

## ગુજરાત કોંગ્રેસને નવા સુકાની મળ્યા ,જગદીશ ઠાકોર નવા પ્રદેશ પ્રમુખ જાહેર

અમદાવાદ,તા.૩

મહિનાઓ સુધી મથામણ ચાલ્યા બાદ અંતે ગુજરાત કોંગ્રેસને તેના સુકાની મળી ગયા છે. ગુજરાત કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમઉખ તરીકે જગદીશ ઠાકોરની સત્તાવાર જાહેરાત કરવામા આવી છે. આ પદ માટે અનેક દાવેદાર હતા. દિલ્હીમાં પ્રદેશ પ્રમુખના નામ માટે ભારે મનોમંથન ચાલ્યુ હતું, જેના બાદ આખરે આજે જાહેરાત કરવામા આવી છે.

નામ નક્કી થાય એ પહેલા જ જગદીશ ઠાકોર દિલ્હી પહોંચ્યા હતા. જેના બાદ તેમના નામ પર મહોર લાગી હોવાનું કહેવાય છે. જગદીશ ઠાકોરના રાજકીય ઈતિહાસ પર એક નજર કરીએ તો, વર્ષ ૨૦૧૬માં કોંગ્રેસના તમામ હોદ્દા પરથી રાજીનામું ધરી દીધું હતું. ઠાકોરે એ વખતે જાહેરાત કરી હતી કે, હવેથી પોતે માત્ર સામાન્ય કાર્યકર તરીકે જ કામ કરશે. પરંતુ જગદીશ ઠાકોરની આ જાહેરાતે ખળભળાટ મચાવ્યો હતો. આ જાહેરાતના કારણે જગદીશ ઠાકોરની રાજકીય કારકિર્દી સમાપ્ત થઈ ગઈ હોવાનું મનાતું હતું. પણ પાંચ વર્ષમાં જ ઠાકોરે ભવ્ય પુનરાગમન કર્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસનો સર્વોચ્ચ હોદ્દો મેળવીને જગદીશ ઠાકોરે હાઈકમાન્ડને પોતાની તાકાત અને મહત્વ સમજાવવામાં સફળતા મેળવી છે.જગદીશ ઠાકોરે રાજકીય કારકિર્દીની શરૂઆત ૧૯૭૩ એનએસયુઆઈથી કરી હતી. ૧૯૭૫માં તેઓ અમદાવાદ જિલ્લા યૂથ કોંગ્રેસ કમિટીના સેક્રેટરી બન્યા હતા. ૨૦૦૨માં તેઓ વિધાનસભાની ચૂંટણી લડ્યા અને દેહગામના ધારાસભ્ય બન્યા. ૨૦૦૭માં પણ દહેગામમાંથી તેઓ બીજી વખત કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા અને ધારાસભ્ય તરીકે ચૂંટાયા. ૨૦૦૯માં તેઓ પાટણના સાંસદ બન્યા હતા

દિલ્હી હાઈકમાન્ડ દ્વારા ગુજરાતમાં કોંગ્રેસનું સુકાન જગદીશ ઠાકોરને સોંપવામાં આવ્યું છે. આ ઉપરાંત કોંગ્રેસના ધારાસભ્ય સુખરામ રાઠવાને વિપક્ષને નેતાની જવાબદારી સોંપવામાં આવી છે. આ બંને નેતાઓ હાલ દિલ્હીમાં છે અને તેઓ દિલ્હીથી ગુજરાતમાં આવશે ત્યારે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત એરપોર્ટ પર જ કરવામાં આવશે આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી કોંગ્રેસ જગદીશ ઠાકોરના નેતૃત્વમાં લડશે. વિધાનસભામાં પાવી જેતપુરના ધારાસભ્ય અને આદિવાસી સમાજના નેતા સુખરામ રાઠવા કોંગ્રેસનો અવાજ બનશે. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ ઠાકોરનું નામ સામે આવતા જ બનાસકાંઠાના ચાગા ગામમાં એટલે કે જગદીશ ઠાકોરના ગામમાં ઢોલ નગારા સાથે ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. કોંગ્રેસના કાર્યકર્તાઓએ અબીલ ગુલાલ ઉડાવી અને ફટાકડા ફોડીને ખૂશી વ્યક્ત કરવામાં આવી હતી. જગદીશ ઠાકોરના પરિવારના સભ્યોએ મીઠાઈથી ગામના લોકોના મો પણ મીઠા કરાવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.